સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

**સંપાદક**

**મૌલિક ગોંધિયા**

(Director - ICE)

[JULY-2019]

[21/07 to 27/07]

# WEEK-30

## CURRENT TOPIC

- ભારતનું સંપૂર્ણ સ્વદેશી મિશન ચંદ્રયાન–2 સફળતાપૂર્વક લોન્ચ
- ત્રિપલ તલાક અંગેનું બિલ ત્રીજી વખત ભારતની લોકસભામાં પસાર
- The Global Innovation Index (GII) 2019
- 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019માં ભારતે તમામ 7 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા
- આતંકવાદ વિરોધી 'UAPA Bill, 2019' લોકસભામાં પસાર
- દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી શીલા દિક્ષિતનું નિધન


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**21 JULY, 2019 SUNDAY**

## ➤ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી શીલા દિક્ષિતનું નિધન

દિલ્હીના પૂર્વ મહિલા મુખ્યમંત્રી **શ્રીમતી શીલા દિક્ષિતનું** 20 જુલાઈ, 2019ના રોજ **નવી દિલ્હી** ખાતે **હાર્ટએટેક**થી 81 વર્ષની ઉંમરે નિધન થયું છે.




- 31 માર્ચ 1938ના રોજ ભારતમાં **પંજાબ**ના **કપુર્થલા** ખાતે તેમનો જન્મ થયો હતો.
- શ્રીમતી શીલા દિક્ષિત **સૌથી લાંબો સમય શાસન કરનાર દિલ્હીના મુખ્યમંત્રી** હતા.
- 1998 થી 2013 દરમિયાન તેઓ **15 વર્ષ** સુધી દિલ્હીના મુખ્યમંત્રી રહ્યા હતા.
- તેઓ દિલ્હીના **છઠ્ઠા** મુખ્યમંત્રી હતા.
- દિલ્હીના છઠ્ઠા મુખ્યમંત્રી તરીકે તેઓ **સતત ત્રણ વાર** ચૂંટાયા હતા.
- આ ઉપરાંત **શ્રીમતી સુષ્મા સ્વરાજ** બાદ તેઓ દિલ્હીના **બીજા મહિલા મુખ્યમંત્રી** હતા.
- તેઓ ભારતમાં **સૌથી લાંબો સમય શાસન કરનાર મહિલા મુખ્યમંત્રી** હતા.
- વર્ષ 2014 દરમિયાન તેમણે **કેરળ**ના **રાજ્યપાલ** તરીકે પણ સેવા આપી હતી.
- 1984 થી 1989 દરમિયાન તેઓ **ઉત્તરપ્રદેશ**ની કનૌજ બેઠક પરથી લોકસભાના સાંસદ હતા.
- કોંગ્રેસના દિગ્ગજ નેતા એવા શ્રીમતી શીલા દિક્ષિત તેમના નિધન સમયે **દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિ**ના અધ્યક્ષ હતા.

**નોંધ :** કોઈ રાજ્યના મુખ્યમંત્રી પદે **સતત ત્રણ વખત** ચૂંટાયા હોય એવા શ્રીમતી શીલા દિક્ષિત **ભારતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી** હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ નાસાના Apollo 11 મિશનના 50 વર્ષ પૂર્ણ

**અમેરિકા**ની પ્રસિદ્ધ અવકાશ સંસ્થા **નાસા** દ્વારા **16 જુલાઈ, 1969**ના રોજ **Apollo 11** નામનું એક મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું.



- આ મિશન અંતર્ગત **20 જુલાઈ, 1969**ના રોજ **શ્રી નીલ આર્મસ્ટ્રોંગ** અને **શ્રી બઝ એલ્ડ્રીન** ચંદ્રની ધરતી પર **લેન્ડિંગ કરનાર** પ્રથમ માનવી બની ગયા હતા.
- ત્યારબાદ **21 જુલાઈ, 1969**ના રોજ **શ્રી નીલ આર્મસ્ટ્રોંગ** ચંદ્રની ધરતી પર **પગ મૂકનાર પ્રથમ** અને **શ્રી બઝ એલ્ડ્રીન બીજા** માનવી બન્યા હતા.
- આ અભિયાનમાં તેમની સાથે **શ્રી મિચેલ કોલિન્સ** પણ હતા. જોકે તેમણે ચંદ્રની ધરતી પર પગ મૂક્યો ન હતો.
- આ અભિયાનને તાજેતરમાં 16 થી 21 જુલાઈ 2019 દરમિયાન **50 વર્ષ** પૂરા થયા છે.
- અમેરિકાના **ફ્લોરિડા**માં આવેલા **કેનેડી સ્પેસ સેન્ટર** ખાતેથી **Saturn V** નામના **રોકેટ** દ્વારા આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.

## ➤ ગુજરાતમાં ઈ-સિગારેટ પર પ્રતિબંધ

ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી **શ્રી પ્રદિપસિંહ જાડેજા**એ તાજેતરમાં આપેલી માહિતી અનુસાર **ગુજરાત**માં **ઈ-સિગારેટ** પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

- ઈ-સિગારેટની લતથી ગુજરાતના યુવાનોને આર્થિક તેમજ શારીરિક રીતે પાયમાલ થતા અટકાવવા માટે ગુજરાત સરકારે આ નિર્ણય કર્યો છે.
- આ અંગે હાલના કાયદામાં સુધારો પણ કરવામાં આવશે.

### ઈ-સિગારેટ શું છે ?

**ઈ-સિગારેટ** અથવા તો **ઈલેક્ટ્રોનિક સિગારેટ** એ બેટરીથી ચાલતું એક એવું સાધન છે કે જે તેમાં રહેલા પ્રવાહીને **એરોસોલ**માં પરિવર્તિત કરે છે.

- જેને ઈ-સિગારેટ પીનાર શ્વાસમાં લે છે અને બહાર કાઢે છે.
- ઈ-સિગારેટમાં જે પ્રવાહી હોય છે તેમાં **Propylene glycol, Glycerin, Nicotine, Flavorings** તથા **સીસુ** જેવી ધાતુઓ અને અન્ય હાનિકારક રસાયણો હોય છે.
- જેનાથી કેન્સર થવાનું જોખમ રહે છે.
- આ ઉપરાંત ઈ-સિગારેટના એરોસોલમાં **ડાયાસીટીલ** નામનું રસાયણ પણ હોય છે, જે **ફેફસાના રોગો** માટે જવાબદાર છે.
- તાજેતરમાં અમેરિકાના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા સંશોધન અનુસાર ઈ-સિગારેટ દ્વારા **મગજના સ્ટેમ સેલને પણ નુકશાન થાય છે.**

**નોંધ :** (1) હાલમાં ભારતના લગભગ 12 રાજ્યો સહિત વિશ્વના આશરે 36 જેટલા દેશોમાં આ પ્રકારની ઈ-સિગારેટ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

(2) **ઈલેક્ટ્રોનિક નિકોટીન ડિલિવરી સિસ્ટમ (ENDS)** દ્વારા આ ઈ-સિગારેટ ઓનલાઈન મંગાવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ભારતનો સાંસ્કૃતિક વારસો

GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ પરીક્ષાલક્ષી પુસ્તક


સાંસ્કૃતિક વારસા સંબંધિત મહત્ત્વની વર્તમાન ઘટનાઓનો સમાવેશ

નૃત્ય, સંગીત, નાટ્ય, શિલ્પ, ચિત્ર, સ્થાપત્ય વગેરે કળાઓનો પરીક્ષાલક્ષી અભ્યાસ

સંભવિત પ્રશ્નોને ધ્યાનમાં રાખીને તૈયાર થયેલું કન્ટેન્ટ

Available at amazon

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ICE Questions

1. શ્રીમતી શીલા દિક્ષિતનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ?
   (A) દિલ્હી (B) ઉત્તરપ્રદેશ (C) પંજાબ (D) હરિયાણા — **(C)**

2. શ્રીમતી શીલા દિક્ષિત દિલ્હીના કેટલામા મુખ્યમંત્રી હતા ?
   (A) બીજા (B) ચોથા (C) પાંચમા (D) છઠ્ઠા — **(D)**

3. શ્રીમતી શીલા દિક્ષિત દિલ્હીના મુખ્યમંત્રી તરીકે સતત કેટલી વખત ચૂંટાયા હતા ?
   (A) બે (B) ત્રણ (C) ચાર (D) ત્રણમાંથી કોઈ નહિ — **(B)**

4. શ્રીમતી શીલા દિક્ષિત દિલ્હીના મુખ્યમંત્રી તરીકે કુલ કેટલી વખત ચૂંટાયા હતા ?
   (A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ — **(A)**

5. વર્ષ 2014માં શ્રીમતી શીલા દિક્ષિત કયા રાજ્યના રાજ્યપાલ હતા ?
   (A) ઉત્તરપ્રદેશ (B) કેરળ (C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. શ્રીમતી શીલા દિક્ષિતના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. શ્રીમતી સુષ્મા સ્વરાજ બાદ તેઓ દિલ્હીના બીજા મહિલા મુખ્યમંત્રી હતા.
2. સતત ત્રણ વખત મુખ્યમંત્રી પદે ચૂંટાનાર તેઓ ભારતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી છે.
3. તેઓ ભારતમાં સૌથી લાંબો સમય શાસન કરનાર મહિલા મુખ્યમંત્રી છે.
4. તેઓ સૌથી લાંબો સમય શાસન કરનાર દિલ્હીના મુખ્યમંત્રી છે.
5. 1994માં તેઓ 1 મહિના માટે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી રહ્યા હતા.
(A) 1, 2, 3, 4, 5 (B) 2, 3, 4, 5 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4, 5 **(C)**

7. ચંદ્રની ધરતી પર માનવીને ઉતારવા માટે નાસાએ લોન્ચ કરેલા કયા મિશનને તાજેતરમાં 50 વર્ષ પૂરા થયા છે ?
(A) Apollo 5 (B) Apollo 10 (C) Apollo 11 (D) Apollo 12 **(C)**

8. અમેરિકાના Apollo 11 નામના મિશનને તાજેતરમાં 50 વર્ષ પૂરા થયા છે...તે ક્યારે લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) 6 જુલાઈ, 1969 (B) 16 જુલાઈ, 1969
(C) 26 જુલાઈ, 1969 (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

9. Apollo 11 મિશનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. 20 જુલાઈ, 1969ના રોજ આ અવકાશયાન ચંદ્રની ધરતી પર લેન્ડ થયું હતું.
2. 21 જુલાઈ, 1969ના રોજ સૌપ્રથમ નીલ આર્મસ્ટ્રોંગ અને ત્યારબાદ શ્રી બઝ એલ્ડ્રીને ચંદ્રની ધરતી પર પગ મૂક્યો હતો.
3. અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાં આવેલા જ્યોર્જ બુશ સ્પેસ સેન્ટર ખાતેથી આ અવકાશયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
4. આ મિશનમાં કુલ 3 લોકોએ ભાગ લીધો હતો.
(A) 1, 2, 3, 4 (B) 1, 2, 4 (C) 2, 3, 4 (D) 1, 3, 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 22 JULY, 2019 MONDAY

### ➤ ISSF Junior Shooting World Cup 2019માં ભારત પ્રથમ

તાજેતરમાં જર્મનીના સુલ (Suhl) ખાતે ISSF જૂનિયર શૂટિંગ વર્લ્ડ કપ 2019નું આયોજન થયું હતું.

- આ વર્લ્ડ કપમાં 10 ગોલ્ડ, 9 સિલ્વર અને 5 બ્રોન્ઝ મેડલ સહિત કુલ 24 મેડલ જીતીને ભારત મેડલ ટેબલમાં પ્રથમ ક્રમે રહ્યું છે.
- જ્યારે ભારત બાદ ચીન બીજા અને જર્મની ત્રીજા ક્રમે રહ્યું છે.




**2019 ISSF World Cup Medal Tally**

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1. | ભારત | 10 | 9 | 5 | 24 |
| 2. | ચીન | 8 | 8 | 8 | 24 |
| 3. | જર્મની | 5 | 2 | 3 | 10 |
| 4. | અમેરિકા | 4 | 3 | 2 | 9 |
| 5. | રશિયા | 3 | 2 | 2 | 7 |

## ISSF

ISSFનું પૂરું નામ **'International Shooting Sport Federation'** છે.

- **Rifle, Pistol અને Shotgunની શૂટિંગની ઈવેન્ટનું વૈશ્વિક સ્તરે સંચાલન ISSF દ્વારા કરવામાં આવે છે.**
- **ISSFની સ્થાપના 1907માં થઈ હતી.**
- **તેનું વડું મથક જર્મનીના મ્યુનિચ ખાતે આવેલું છે.**

## ➤ 11th DefExpo India - 2020 લખનૌ ખાતે યોજાશે



ભારતની **Defence Industry (સંરક્ષણ ઉદ્યોગ)**ની ક્ષમતાના પ્રદર્શન અને તેની નિકાસમાં વૃદ્ધિ કરવા માટે **ભારતમાં દર બે વર્ષે ડિફેન્સ એક્સ્પોનું** આયોજન કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ **2020**માં **11મા DefExpo India**નું આયોજન સૌપ્રથમ વખત **ઉત્તરપ્રદેશ**ના પાટનગર **લખનૌ**માં કરવામાં આવશે.
- ઉત્તરપ્રદેશના લખનૌમાં 5 થી 8 ફેબ્રુઆરી 2020 દરમિયાન આ 11મું સંરક્ષણ પ્રદર્શન યોજાશે.
- જેની મુખ્ય થીમ **'India : The Emerging Defence Manufacturing Hub'** છે.
- અને તેમાં **'Defenceના Digital Transformation'** પર વિશેષ ભાર મૂકવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ઈરાને બ્રિટનનું ઓઈલ ટેન્કર જપ્ત કરતા વિવાદ

તાજેતરમાં **ઈરાન** દ્વારા **હોર્મુઝની ખાડીમાંથી બ્રિટનનું** એક **ઓઈલ ટેન્કર** જપ્ત કરવામાં આવ્યું છે.

- આ ઓઈલ ટેન્કરનું નામ **'સ્ટેના ઈમ્પેરો' (Stena Impero)** છે.
- ઈરાનના જણાવ્યા અનુસાર ઈરાનનું આ ઓઈલ ટેન્કર હોર્મુઝની ખાડીમાં ઈરાનની એક ફિશિંગ બોટ સાથે ટકરાયું હોવાથી તેને જપ્ત કર્યુ હતું.
- જોકે, બ્રિટને ઈરાનના આ અકસ્માતના કારણને નકારી કાઢયું છે. આથી આ અંગે હાલ વિવાદ સર્જાયો છે.
- ઈરાને બ્રિટનના આ ઓઈલ ટેન્કરની સાથે આ ટેન્કરના ભારતીય કપ્તાન અને લગભગ 17 જેટલા ભારતીય નાવિકોની પણ ધરપકડ કરી છે.



ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

સ્પેશિયલ બેચ

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

ફ્રી ટ્રાયલ લેક્ચર
નવી બેચ શરૂ

ધોરણ- 12માં
આપની ટકાવારી મુજબ
Special Discount

50% Discount
85% થી વધુને

20% Discount
70% થી વધુને

10% Discount
40% થી વધુને

સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રી માં રહેશે.

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદ્‌ગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## ICE Questions

1. ISSF જૂનિયર શૂટિંગ વર્લ્ડ કપ 2019માં મેડલ ટેબલમાં ક્યો દેશ પ્રથમ ક્રમે છે ?
   (A) ભારત (B) ચીન (C) જર્મની (D) અમેરિકા
   **(A)**

2. જુલાઈ 2019 દરમિયાન ISSF જૂનિયર શૂટિંગ વર્લ્ડ કપ 2019નું આયોજન કયાં થયું હતું કે જેમાં મેડલ ટેબલમાં ભારત પ્રથમ ક્રમે છે ?
   (A) બોન, જર્મની (B) લીપઝિંગ, જર્મની (C) સુલ, જર્મની (D) બર્લીન, જર્મની
   **(C)**

3. જુલાઈ 2019 દરમિયાન જર્મનીમાં યોજાયેલા ISSF જૂનિયર શૂટિંગ વર્લ્ડ કપ 2019માં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા છે ?
   (A) 10 ગોલ્ડ, 9 સિલ્વર અને 5 બ્રોન્ઝ સહિત કુલ 24
   (B) 10 ગોલ્ડ, 8 સિલ્વર અને 6 બ્રોન્ઝ સહિત કુલ 24
   (C) 10 ગોલ્ડ, 7 સિલ્વર અને 7 બ્રોન્ઝ સહિત કુલ 24
   (D) 10 ગોલ્ડ, 6 સિલ્વર અને 8 બ્રોન્ઝ સહિત કુલ 24
   **(A)**

4. ભારતમાં 5 થી 8 ફેબ્રુઆરી 2020 દરમિયાન 11મા DefExpo India - 2020નું આયોજન ક્યાં થશે ?
(A) વારાણસી, ઉત્તરપ્રદેશ (B) લખનૌ, ઉત્તરપ્રદેશ
(C) પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ (D) કાનપુર, ઉત્તરપ્રદેશ (B)

5. ભારતમાં 5 થી 8 ફેબ્રુઆરી 2020 દરમિયાન ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે યોજાનાર 11મા DefExpo India - 2020ની મુખ્ય થીમ શું હશે ?
(A) India : The Emerging Defence Manufacturing Hub
(B) India : Defence Manufacturing Hub
(C) India : Defence Hub
(D) ત્રણમાંથી કોઈ નહિ (A)

6. તાજેતરમાં ઈરાને કયા દેશનું ઓઈલ ટેન્કર જપ્ત કરતા વિવાદ સર્જાયો છે ?
(A) અમેરિકા (B) રશિયા (C) બ્રિટન (D) ફ્રાન્સ (C)

7. તાજેતરમાં ઈરાને જપ્ત કરેલા બ્રિટનના ઓઈલ ટેન્કરનું નામ શું છે ?
(A) Stena Impero (B) Stena Rebero
(C) Stena Impiriar (D) Stena Lebero (A)

8. તાજેતરમાં ઈરાને બ્રિટનનું 'Stena Impero' નામનું ઓઈલ ટેન્કર ક્યાંથી જપ્ત કર્યું હતું કે જેમાં એ ઓઈલ ટેન્કરના કેપ્ટન સહિત 18 ભારતીય નાવિકો પણ હતા ?
(A) પાલ્કની ખાડી (B) મલાક્કાની ખાડી (C) યુક્તાનની ખાડી (D) હોર્મુઝની ખાડી (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 23 JULY, 2019 TUESDAY

### ➤ ભારતમાં ક્રિપ્ટો કરન્સી પર પ્રતિબંધ મૂકવા ભલામણ



ભારતમાં ક્રિપ્ટો કરન્સી અંગે અભ્યાસ કરીને યોગ્ય કાર્યવાહી માટે ભલામણ કરવા કેન્દ્ર સરકારે 2 નવેમ્બર, 2017ના રોજ ભારતના નાણાં સચિવની અધ્યક્ષતામાં એક આંતર-મંત્રાલય સમિતિની રચના કરી હતી.

- આ સમિતિના સભ્યોમાં ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના સચિવ, SEBIના ચેરમેન તથા RBIના નાયબ ગવર્નરનો સમાવેશ થાય છે.
- આ સમિતિ દ્વારા તાજેતરમાં ભારતમાં તમામ ક્રિપ્ટો કરન્સી પર પ્રતિબંધ મૂકવા સરકારને ભલામણ કરવામાં આવી છે.
- આ ઉપરાંત આ પ્રતિબંધનો ભંગ કરનારને દસ વર્ષ સુધીની સજા તથા 25 કરોડ સુધીના દંડની પણ ભલામણ કરી છે.
- આ ઉપરાંત સરકાર ઈચ્છે તો ભારતમાં સરકાર માન્ય ડિજિટલ કરન્સી અમલમાં મૂકી શકે છે એવી પણ ભલામણ કરી છે.

**નોંધ :** (1) Facebook દ્વારા તાજેતરમાં Libra નામની ક્રિપ્ટો કરન્સી અથવા તો ડિજિટલ કરન્સી શરૂ કરવાની જાહેરાત કર્યા બાદ અનેક દેશોએ ડિજિટલ કરન્સીને નિયંત્રિત કરવાનું વિચાર્યુ છે.

(2) કારણ કે Facebook જેવી સોશિયલ મીડિયા કંપની દ્વારા ક્રિપ્ટો કરન્સી શરૂ કર્યા પછી નાણાકીય સિસ્ટમ તેમજ કન્ઝ્યુમર ડેટા સામે ખતરો સર્જાઈ શકે તેમ છે.

## ➢ 'The Protection of Human Rights (Amendment) Bill, 2019' રાજ્યસભામાં પસાર




તાજેતરમાં 22 જુલાઈ, 2019ના રોજ **'માનવ અધિકાર સંરક્ષણ (સંશોધન) બિલ, 2019'** ભારતની રાજ્યસભામાં પસાર થઈ ગયું છે.

- આ અગાઉ આ બિલ ભારતની લોકસભામાં પણ પસાર થઈ ચૂક્યું છે.

### આ બિલની મહત્ત્વની જોગવાઈ

1. હ્યુમન રાઈટ્સ કમિશનના **અધ્યક્ષ** તરીકે ભારતની **સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ** ઉપરાંત **સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશ**ની પણ નિમણૂક કરી શકાશે.
2. આયોગના સભ્યોની સંખ્યા **બેથી વધારીને ત્રણ** કરી શકાશે, જેમાં **એક મહિલા** હશે.
3. આયોગના સભ્ય તરીકે **નેશનલ બેકવર્ડ ક્લાસ કમિશનના અધ્યક્ષ**, **નેશનલ ચાઈલ્ડ રાઈટ્સ પ્રોટેક્શન કમિશનના અધ્યક્ષ** તથા **દિવ્યાંગજનો સંબંધી મુખ્ય કમિશનર**નો સમાવેશ કરી શકાશે.
4. આયોગ અને રાજ્ય આયોગોના અધ્યક્ષો તથા સભ્યોની મુદત **પાંચ વર્ષ**થી ઘટાડી **ત્રણ વર્ષ** કરવી તથા જરૂર પડ્યે તેમની **ફરીથી નિમણૂક** કરી શકાય તેવી જોગવાઈ કરવી.
5. કેન્દ્રશાસિત પ્રદેશ **દિલ્હી સિવાયના અન્ય કેન્દ્રશાસિત પ્રદેશો** માનવ અધિકાર સંબંધી બાબતો **રાજ્ય આયોગને** સોંપી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ 'The Right to Information (Amendment) Bill, 2019' લોકસભામાં પસાર

તાજેતરમાં 22 જુલાઈ, 2019ના રોજ **'માહિતીનો અધિકાર(સુધારા) બિલ, 2019'** લોકસભામાં પસાર કરવામાં આવ્યું છે.


- આ બિલ દ્વારા **'માહિતીનો અધિકાર અધિનિયમ, 2005'**માં સુધારો કરવામાં આવશે.
- લોકસભામાં પસાર થયેલા સુધારા બિલમાં મુખ્ય માહિતી કમિશનરો અને માહિતી કમિશનરોના કાર્યકાળથી લઈને તેમના પગાર અને સેવા-શરતો નક્કી કરવાનો નિર્ણય **કેન્દ્ર સરકાર** હસ્તક રાખવાનો પ્રસ્તાવ છે.
- આ અગાઉના વર્ષ 2005ના મૂળ RTI Actમાં માહિતી કમિશનરો અંગે નિયમ લાગુ કરવાનો અધિકાર ન તો કેન્દ્ર, ન રાજ્ય કે પછી સમવર્તી સૂચિના દાયરામાં પણ આવતો ન હતો.
- આથી, રાજ્ય માહિતી આયોગ અંગે કાયદો બનાવવાની સત્તા આપો આપ જ કેન્દ્ર સરકારના વિશેષ અધિકાર અંતર્ગત આવી જતી હતી.
- પરિણામે કેન્દ્રીય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે કેન્દ્ર સરકાર નવી જોગવાઈનો દુરૂપયોગ નહિ કરે તેનું આશ્વાસન આપ્યું હતું.

## ➤ લોકસભા અધ્યક્ષે કરેલા કેટલાક પરિવર્તનોથી 21માંથી 9 બિલ પસાર



ભારતમાં 17મી લોકસભાના અધ્યક્ષ **શ્રી ઓમ બિરલા**નો એક મહિનાનો કાર્યકાળ 19 જુલાઈ 2019ના રોજ પૂરો થયો છે.

- તેમના આ એક મહિનાના કાર્યકાળ દરમિયાન તેમણે લોકસભામાં આશરે 6 જેટલા કરેલા **પરિવર્તનો**થી સંસદમાં આ બજેટ સત્ર દરમિયાન કામકાજનો દર છેલ્લા 20 વર્ષની તુલનાએ **120 ટકા** વધુ રહ્યો છે.
- બજેટ સત્રમાં આ એક મહિનામાં **21 બિલ** રજૂ કરાયા હતા. જેમાંથી 9 બિલ પસાર થઈ ચૂક્યા છે.
- NDAના શાસનમાં બજેટ સત્રનો આ વિક્રમ છે.
- શ્રી ઓમ બિરલાએ લોકસભામાં કરેલું સૌથી મોટું પરિવર્તન **'શૂન્યકાળ'** અંગેનું છે. તેમણે **શૂન્યકાળની એક કલાકની સમય મર્યાદા નાબૂદ કરી છે.**
- લોકસભામાં સ્પીકર હવે અંગ્રેજીના **આઈસ** અને **નોસ**ના સ્થાને **હા** અને **ના**નો પ્રયોગ કરે છે.
- એટલું જ નહિ કેટલાક મીડિયા રિપોર્ટ અનુસાર શ્રી ઓમ બિરલા એવા પહેલા સ્પીકર છે કે જેઓ દરેક વાત **હિન્દી**માં જ કહે છે.



ICE Questions

1. ભારતમાં 2 નવેમ્બર, 2017ના રોજ કોની અધ્યક્ષતામાં બનેલી ક્રિપ્ટો કરન્સી અથવા તો ડિજિટલ કરન્સી અંગેની સમિતિએ તાજેતરમાં પોતાનો રિપોર્ટ સુપરત કર્યો છે ?
(A) નીતિ આયોગના ઉપાધ્યક્ષ (B) SEBIના અધ્યક્ષ
(C) ભારતના નાણાં સચિવ (D) RBI ગવર્નર
**(C)**

2. ભારતના નાણાં સચિવની અધ્યક્ષતામાં બનેલી આંતર-મંત્રાલય સમિતિએ ક્રિપ્ટો કરન્સી અંગે કરેલી ભલામણના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ભારતમાં તમામ ક્રિપ્ટો કરન્સી પર પ્રતિબંધ મૂકવો.
2. પ્રતિબંધના ભંગ બદલ 10 વર્ષ સુધીની જેલ તથા રૂ. 25 કરોડ સુધીના દંડની જોગવાઈ કરવી.
(A) 1, 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ
**(A)**

3. તાજેતરમાં ભારતની લોકસભા અને રાજ્યસભામાં પસાર થયેલા 'માનવ અધિકાર (સંરક્ષણ) બિલ, 2019'ની મુખ્ય જોગવાઈઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. કમિશનના અધ્યક્ષ તરીકે સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશની પણ નિમણૂક કરી શકાશે.
2. આયોગના સભ્યોની સંખ્યા ત્રણથી વધારી ચાર કરવી, જેમાં એક મહિલા હશે.
3. આયોગના અધ્યક્ષ તથા સભ્યોના કાર્યકાળની મુદત 5 વર્ષથી ઘટાડી 3 વર્ષ કરવી, જે ફરીથી નિમણૂકને પાત્ર હશે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3
**(D)**

4. તાજેતરમાં લોકસભામાં પસાર થયેલા 'માહિતીનો અધિકાર (સુધારા) બિલ, 2019' અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવશે ?
(A) RTI Act, 2003 (B) RTI Act, 2004 (C) RTI Act, 2005 (D) RTI Act, 2006
**(C)**

5. તાજેતરમાં લોકસભામાં પસાર થયેલા 'માહિતીનો અધિકાર (સુધારા) બિલ, 2019'માં મુખ્ય માહિતી કમિશનરો અને અન્ય માહિતી કમિશનરોના કાર્યકાળથી લઈને તેમના પગાર અને સેવા શરતો નક્કી કરવાનો નિર્ણય કોના હસ્તક રાખવાનો પ્રસ્તાવ છે ?
(A) રાષ્ટ્રપતિ (B) કેન્દ્ર સરકાર
(C) રાજ્ય સરકાર (D) કેન્દ્ર અને રાજ્ય સરકાર
**(B)**

6. 17મી લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાના પ્રથમ એક મહિનાના કાર્યકાળમાં રજૂ થયેલા 21માંથી કેટલા બિલ પસાર થયા છે ?
(A) 5 (B) 7 (C) 9 (D) 14
**(C)**

7. 17મી લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલાએ 'શૂન્યકાળ' અંગે તાજેતરમાં લોકસભામાં કયો ફેરફાર કર્યો છે ?
(A) શૂન્યકાળની 1 કલાકની સમય મર્યાદા ઘટાડીને 30 મિનિટ કરી નાખી છે.
(B) શૂન્યકાળની 1 કલાકની સમય મર્યાદા ઘટાડીને 45 મિનિટ કરી નાખી છે.
(C) શૂન્યકાળની 1 કલાકની સમય મર્યાદા વધારીને 2 કલાક કરી છે.
(D) શૂન્યકાળની 1 કલાકની સમય મર્યાદા નાબૂદ કરી છે.
**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 24 JULY, 2019 WEDNESDAY

### ➤ 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019માં ભારતે તમામ 7 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા



તાજેતરમાં ભારતમાં ઓડિશાના કટક ખાતે યોજાયેલી 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019માં ભારતે તમામ 7 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા છે.

- જેમાં ગુજરાતના સુરતના શ્રી હરમીત દેસાઈએ તેમના બર્થડેના દિવસે જ 'મેન્સ સિંગલ્સ' ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- પોતાની 26મી વર્ષગાંઠ ઉજવી રહેલા શ્રી હરમીત દેસાઈએ ભારતના જ શ્રી સથિયાન જ્ઞાનસેકરનને પરાજય આપીને આ ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.
- સુરતના જ બીજા એક ટેબલ ટેનિસ ખેલાડી શ્રી માનવ ઠક્કર અને તમિલનાડુના શ્રી એન્થોની અમલરાજની જોડીએ 'મેન્સ ડબલ્સ'માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- જ્યારે ભારતની સુશ્રી ઐહિકા મુખર્જીએ ભારતના જ સુશ્રી મધુરિકા પાટકરને હરાવીને 'વિમેન્સ સિંગલ્સ'માં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સાથે જ સુશ્રી ઐહિકા મુખર્જી આ ચેમ્પિયનશિપમાં 'વિમેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતનાર ભારતના પ્રથમ મહિલા બની ગયા હતા.
- મેન્સ ટીમ ઈવેન્ટ અને વિમેન્સ ટીમ ઈવેન્ટ એમ બંને ઈવેન્ટમાં ભારતે ઈંગ્લેન્ડને પરાજય આપીને બે ગોલ્ડ મેડલ જીત્યા હતા.
- આ ઉપરાંત ભારતે મિક્સ ટીમ ઈવેન્ટમાં સિંગાપોરના ખેલાડીઓને પરાજય આપીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- 'વિમેન્સ ડબલ્સ' ઈવેન્ટમાં ભારતના મહિલા ખેલાડીઓએ ભારતના જ અન્ય મહિલા ખેલાડીઓને પરાજય આપીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➢ NGTએ જાહેર કરેલી દેશની સૌથી વધુ પ્રદૂષણ ફેલાવતી 100 GIDCમાં ગુજરાતની 9ને સ્થાન

**નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)** દ્વારા તાજેતરમાં ભારતની **100** સૌથી વધુ પ્રદૂષણ ફેલાવતી GIDCઓની યાદી જાહેર કરવામાં આવી છે.

- આ યાદીમાં **ગુજરાત**ની કુલ **9 GIDC**નો સમાવેશ થયો છે.
- જેમાં ગુજરાતમાં **વડોદરા** GIDC સૌથી વધુ પ્રદૂષિત છે.
- ગુજરાતની 9 GIDCમાંથી **70થી વધુ** CEPI Score ધરાવતી **6 GIDC**ને **Critically Polluted** જાહેર કરવામાં આવી છે.
- ભારતની 100 સૌથી વધુ પ્રદૂષણ ફેલાવતી GIDCમાં **મહારાષ્ટ્ર**ની **તારાપુર** GIDC **પ્રથમ** ક્રમે છે.

**GREEN SCRIPT**

| Industrial cluster | Rank |
|---|---|
| **Critically polluted** | |
| ➤ Vadodara | 5 |
| ➤ Ankleshwar | 16 |
| ➤ Vapi | 18 |
| ➤ Surat | 26 |
| ➤ Ahmedabad (Vatva) | 36 |
| ➤ Rajkot | 38 |
| **Severely polluted** | |
| ➤ Bhavnagar | 64 |
| **Other polluted areas** | |
| ➤ Ahmedabad | 77 |
| ➤ Morbi | 81 |
| ➤ Junagadh | 88 |



ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**100 Polluted Industrial Areas during 2018**

| ક્રમ | Polluted Industrial Areaનું નામ | CEPI Score |
|---|---|---|
| 1 | તારાપુર (મહારાષ્ટ્ર) | 93.69 |
| 5 | વડોદરા | 89.09 |
| 16 | અંકલેશ્વર | 80.21 |
| 18 | વાપી | 79.95 |
| 26 | સુરત | 76.43 |
| 36 | વટવા | 70.94 |
| 38 | રાજકોટ | 70.62 |
| 64 | ભાવનગર | 61.94 |
| 77 | અમદાવાદ | 57.11 |
| 81 | મોરબી | 54.24 |
| 88 | જૂનાગઢ | 51.64 |
| 100 | પિથમપુર (મધ્યપ્રદેશ) | 20.23 |

**CEPI Score ને આધારે પ્રદૂષિત GIDCની કેટેગરી**

| ક્રમ | કેટેગરી | CEPI Score |
|---|---|---|
| 1 | Critically Polluted | 70થી વધુ |
| 2 | Severely Polluted | 60 થી 70 |
| 3 | Other Polluted Areas | 60 થી ઓછો |




## ICE Questions

1. 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019માં ભારતે કુલ કેટલા ગોલ્ડ મેડલ જીત્યા છે ?
   (A) 5 (B) 7 (C) 10 (D) 12 — **(B)**

2. જુલાઈ 2019 દરમિયાન કઈ જગ્યાએ યોજાયેલી 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019માં ભારતે તમામ 7 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા છે ?
   (A) ચેન્નાઈ (B) હૈદરાબાદ (C) કટક (D) કોચિ — **(C)**

3. જુલાઈ 2019 દરમિયાન પોતાના જન્મ દિવસે જ 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019માં ગોલ્ડ મેડલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
   (A) સુશ્રી હિમા દાસ (B) શ્રી માનવ ઠક્કર
   (C) શ્રી સાથિયાન જ્ઞાનસેકરન (D) શ્રી હરમીત દેસાઈ — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 4. | 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019ની કઈ ઈવેન્ટમાં ગુજરાતના સુરતના શ્રી હરમીત દેસાઈએ પોતાના જન્મદિવસના રોજ ગોલ્ડ મેડલ જીત્યો છે ?<br>(A) મેન્સ સિંગલ્સ (B) મેન્સ ડબલ્સ (C) મિક્સ ડબલ્સ (D) A અને B બંને | (A) |
| 5. | 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019માં સુરતના શ્રી હરમીત દેસાઈએ કોને પરાજય આપીને 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે ?<br>(A) શ્રી માનવ ઠક્કર (B) શ્રી જોકો જુડોડો<br>(C) શ્રી સથિયાન જ્ઞાનસેકરન (D) શ્રી ચિન્ગ જોઉલી | (C) |
| 6. | 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019માં ગોલ્ડ મેડલ જીતીને આ ચેમ્પિયનશિપમાં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ જીતનાર ભારતના પ્રથમ મહિલા બનવાનો રેકોર્ડ બનાવનાર મહિલા ખેલાડીનું નામ શું છે ?<br>(A) સુશ્રી મધુરિકા પાટકર (B) સુશ્રી ઐહિકા મુખર્જી<br>(C) સુશ્રી અવનિ ત્રિવેદી (D) સુશ્રી અંકિતા જૈન | (B) |
| 7. | 21મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2019માં મેન્સ ટીમ અને વિમેન્સ ટીમ એમ બંને ટીમ ઈવેન્ટમાં કોને પરાજય આપીને ભારતે બે ગોલ્ડ મેડલ જીત્યા છે ?<br>(A) ચીન (B) રશિયા (C) ઈંગ્લેન્ડ (D) સિંગાપોર | (C) |
| 8. | તાજેતરમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે (NGTએ) જાહેર કરેલી ભારતની સૌથી વધુ 100 પ્રદૂષિત GIDCમાં ગુજરાતની કુલ કેટલી GIDCનો સમાવેશ થયો છે ?<br>(A) 6 (B) 7 (C) 8 (D) 9 | (D) |
| 9. | તાજેતરમાં NGTએ જાહેર કરેલી ભારતની સૌથી વધુ પ્રદૂષિત 100 GIDCમાંથી ગુજરાતની સૌથી વધુ પ્રદૂષિત GIDC કઈ છે ?<br>(A) વડોદરા (B) અંકલેશ્વર (C) વાપી (D) સુરત | (A) |
| 10. | તાજેતરમાં NGTએ જાહેર કરેલી ભારતની પ્રદૂષિત 100 GIDCમાંથી સૌથી વધુ પ્રદૂષિત GIDC કઈ છે ?<br>(A) વિશાખાપટ્ટનમ (B) તારાપુર (C) કોચિ (D) ઈન્દોર | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 25 JULY, 2019 THURSDAY

### ➤ શ્રી બોરિસ જોન્સન બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા

બ્રિટનની કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા શ્રી બોરિસ જોન્સન બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા છે.



- તાજેતરમાં કન્ઝર્વેટિવ પાર્ટીના મહિલા વડાપ્રધાન શ્રીમતી થેરેસા મેના રાજીનામા બાદ બ્રિટનના નવા વડાપ્રધાન પસંદ કરવા માટે કન્ઝર્વેટિવ પાર્ટીમાં મતદાન થયું હતું.
- જેમાં કન્ઝર્વેટિવ પાર્ટીના વિદેશ મંત્રી શ્રી જેરેમી હંટને પરાજય આપીને શ્રી બોરિસ જોન્સન બ્રિટનના નવા વડાપ્રધાન બની ગયા છે.
- આ માટે કન્ઝર્વેટિવ પાર્ટીના આશરે 1.60 લાખ જેટલા કાર્યકારોએ મતદાન કર્યું હતું. જેમાંથી બ્રેક્ઝીટના સમર્થક શ્રી બોરિસ જોન્સનને 87.4 ટકા જેટલા મત મળ્યા હતા.

## શ્રી બોરિસ જોન્સનના મંત્રીમંડળમાં ભારતીય મૂળના ત્રણ સાંસદોને સ્થાન

શ્રી બોરિસ જોન્સનના મંત્રીમંડળમાં મહત્ત્વના ત્રણ હોદ્દાઓ પર ભારતીય મૂળના સાંસદોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**બ્રિટિશ સરકારમાં ભારતીય મૂળના સાંસદ**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1 | સુશ્રી પ્રીતિ પટેલ | Home Secretary (ગૃહમંત્રી) |
| 2 | શ્રી આલોક શર્મા | Secretary of State for International Development (આંતરરાષ્ટ્રીય વિકાસ રાજ્યમંત્રી) |
| 3 | શ્રી રિષિ સુનાક | Chief Secretary to the Treasury (મહેસૂલ મંત્રી) |

### સુશ્રી પ્રીતિ પટેલ



**સુશ્રી પ્રીતિ સુશીલ પટેલ** બ્રિટનના **ગૃહમંત્રી** બનનાર ભારતીય મૂળના **પ્રથમ** સાંસદ છે.

- તેઓ બ્રિટનની **વિથમ** બેઠક પરથી સાંસદ છે.
- **મૂળ ગુજરાતી** એવા સુશ્રી પ્રીતિ પટેલનો પરિવાર **યુગાન્ડા**થી બ્રિટન સ્થાયી થયો હતો.
- તેમના વતનનું નિવાસ સ્થાન **ગુજરાત**ના **આણંદ** જિલ્લાના **તારાપુર**ની **ઊંડી ખડકી** નામની પોળમાં આવેલું છે.
- આ અગાઉ તેઓ બ્રિટનમાં Secretary of State for International Development, Minister of State for Employment, Exchequer Secretary to the Treasury જેવા હોદ્દાઓ પર રહી ચૂક્યા છે.
- તેમનો જન્મ **બ્રિટન**ના **લંડન** ખાતે થયો હતો.

**નોંધ :** (1) **શ્રી આલોક શર્મા**નો જન્મ **ઉત્તરપ્રદેશ**ના **આગ્રા**માં થયો હતો.
(2) ઈંગ્લેન્ડમાં જન્મેલા અને મૂળ પંજાબી એવા **શ્રી રિષિ સુનાક** ઈન્ફોસિસના સ્થાપક **શ્રી એન.આર. નારાયણ મૂર્તિ**ના જમાઈ છે.
(3) બ્રિટનના **નાણામંત્રી** તરીકે પાકિસ્તાની મૂળના **શ્રી સાજિદ જાવિદ**ની નિમણૂક કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ અમદાવાદ ખાતે 159મા આવકવેરા દિવસની ઉજવણી

ભારતમાં દર વર્ષે **24 જુલાઈ**ના રોજ **'આવકવેરા દિવસ' (Income Tax Day)**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત **24 જુલાઈ, 2019**ના રોજ ગુજરાત ઈન્કમ ટેક્ષ દ્વારા **અમદાવાદ** ખાતે **159મા 'આવકવેરા દિવસ'**ની ઉજવણી માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.



- જેમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** ઉપસ્થિત રહ્યા હતા.
- આ પ્રસંગે તેમણે ગુજરાતમાં સતત બે વર્ષથી સૌથી વધુ આવકવેરો ભરનાર વ્યક્તિગત કરદાતા **શ્રી રાવજીભાઈ પટેલ**નું સન્માન કર્યું હતું.
- **24 જુલાઈ, 1860**ના રોજ **સર જેમ્સ વિલ્સન** દ્વારા ભારતમાં **સૌપ્રથમ** વખત **Income Tax** લાગુ કરવામાં આવ્યો હતો.
- એ સમયે પહેલા આવકવેરાનું કલેક્શન આશરે **રૂ. 30 લાખ** હતું. જે આજે વધીને **રૂ. 11.30 લાખ કરોડ** જેટલું થઈ ગયું છે. હાલ દેશમાં આશરે **36.5 લાખ** લોકો આવકવેરો ભરે છે.

**નોંધ :** (1) આવકવેરો ભરવામાં <u>ગુજરાત</u> સમગ્ર દેશમાં <u>પાંચમા</u> ક્રમે છે.

(2) જ્યારે આવકવેરાની ફરિયાદોના નિવારણમાં <u>ગુજરાત</u> સમગ્ર દેશમાં <u>પ્રથમ</u> ક્રમે છે.

## ➤ આતંકવાદ વિરોધી 'Unlawful Activities (Prevention) Amendment Bill, 2019' લોકસભામાં પસાર

23 જુલાઈ, 2019ના રોજ <u>આતંકવાદ વિરોધી</u> ગણાતુ <u>'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) સુધારા બિલ, 2019' (UAPA Bill, 2019)</u> લોકસભામાં પસાર થઈ ગયું છે.

- ભારતના ગૃહમંત્રી <u>શ્રી અમિત શાહ</u> દ્વારા આ બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.

### આ બિલ દ્વારા ક્યા એક્ટમાં સુધારો કરવામાં આવશે ?

- આ બિલ દ્વારા <u>'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967'</u>માં સુધારો કરવામાં આવશે.

### બિલની મહત્ત્વની જોગવાઈ



1. આ ખરડામાં આતંકી કૃત્યને અંજામ આપનાર કે તેમાં સામેલ સંગઠનો કે વ્યક્તિઓ ઉપરાંત આતંકવાદની તૈયારી કરનાર સંગઠનો કે વ્યક્તિઓ, આતંકવાદને પ્રોત્સાહન આપનાર સંગઠનો કે વ્યક્તિઓ અથવા તો આતંકવાદ સાથે કોઈપણ રીતે સંડોવાયેલા હોય તેવા સંગઠનો કે વ્યક્તિઓને <u>'આતંકી સંગઠન'</u> કે <u>'આતંકવાદી'</u> જાહેર કરવાની જોગવાઈ છે.
2. આતંકી કેસોની તપાસના ભાગરૂપે હવે <u>NIA (National Investigation Agency)</u> જરૂર પડ્યે જે તે વ્યક્તિ કે સંગઠનની <u>સંપત્તિ</u> પણ જપ્ત કરી શકશે. આ માટે તેમણે હવે <u>DGP (Director General of Police)</u>ની મંજૂરી લેવાની જરૂર રહેશે નહિ. પરંતુ <u>NIAના ડાયરેક્ટર જનરલ</u>ની મંજૂરી જરૂરી છે.
3. ભારતમાં હાલના એક્ટ અનુસાર <u>DSP કે ACP</u> અથવા તો તેમનાથી ઉપરનો રેન્ક ધરાવતા અધિકારીઓ દ્વારા આવા કેસોની તપાસની જોગવાઈ હતી. હવે નવા બિલમાં આવા કેસોની તપાસ માટે <u>NIAના ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરના રેન્કના અધિકારીઓને</u> વધુ સશક્ત બનાવવામાં આવ્યા છે. ટૂંકમાં આ નવો ખરડો આતંકવાદ સામે લડવા માટે NIAને વિશેષ સત્તા આપે છે.

### NIA

National Investigation Agency (NIA) એ <u>ભારતની આતંકવાદનો સામનો કરવા માટેની સેન્ટ્રલ એજન્સી</u> છે.

- વર્ષ <u>2008</u>માં ભારતમાં <u>મુંબઈ</u>માં થયેલા <u>26/11ના આતંકી હુમલા</u> બાદ આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત <u>31 ડિસેમ્બર, 2008</u>ના રોજ ભારતીય સંસદ દ્વારા <u>'નેશનલ ઈન્વેસ્ટિગેશન એક્ટ, 2008'</u> પસાર કરીને <u>2009</u>માં આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- તે ભારતના કોઈપણ રાજ્યમાં રાજ્યો દ્વારા વિશેષ મંજૂરી સિવાય આતંકવાદ સંબંધિત ગુનાઓની તપાસ કરી શકે છે. તેનું વડું મથક ભારતમાં <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- આ ઉપરાંત <u>હૈદરાબાદ, ગુવાહાટી, કોચિ, લખનૌ, મુંબઈ, કોલકાતા, રાયપુર અને જમ્મુ</u>માં પણ તેની બ્રાન્ચો આવેલી છે.
- ભારત સરકારના <u>ગૃહ મંત્રાલય</u> અંતર્ગત આ એજન્સી કાર્ય કરે છે.

**નોંધ :** NIAના વર્તમાન (25 જુલાઈ, 2019ની સ્થિતિએ) ડિરેક્ટર જનરલ <u>શ્રી Y.C. મોદી</u> છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

**1.** બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી બોરિસ જ્હોન (B) શ્રી બોરિસ જોન્સન
(C) શ્રી બોરિસ મિલ્ટન (D) શ્રી બોરિસ જ્યોર્જ
**(B)**

**2.** શ્રી બોરિસ જોન્સન તાજેતરમાં બ્રિટનના વડાપ્રધાન બન્યા છે....તેમના પક્ષનું નામ શું છે ?
(A) કન્ઝર્વેટિવ પાર્ટી (B) ડેમોક્રેટિક લેબર પાર્ટી
(C) ઈંગ્લિશ નેશનલ પાર્ટી (D) ઈંગ્લિશ લિબરલ ડેમોક્રેટ્સ
**(A)**

**3.** તાજેતરમાં ઈંગ્લેન્ડમાં યોજાયેલી કન્ઝર્વેટિવ પાર્ટીની આંતરિક ચૂંટણીમાં કોને પરાજય આપીને શ્રી બોરિસ જોન્સન તાજેતરમાં બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા છે ?
(A) શ્રીમતી થેરેસા મે (B) શ્રી જેરેમી કોર્બીન
(C) શ્રી જેરેમી હંટ (D) શ્રી જેરેમી હેન્સ
**(C)**

**4.** શ્રી બોરિસ જોન્સન કોની જગ્યાએ બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા છે ?
(A) શ્રીમતી થેરેસા મે (B) શ્રી ડેવિડ કેમરોન
(C) શ્રી ગોર્ડન બ્રાઉન (D) શ્રી ટોની બ્લેયર
**(A)**

**5.** બ્રિટનના નવા વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સનના મંત્રીમંડળમાં નીચેનામાંથી ભારતીય મૂળના કયા મહાનુભાવનો સમાવેશ થયો નથી ?
(A) શ્રી કૈલાશ વર્મા (B) શ્રી રિષિ સુનાક
(C) સુશ્રી પ્રીતિ પટેલ (D) શ્રી આલોક શર્મા
**(A)**

**6.** બ્રિટનના નવા ગૃહમંત્રી તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે કે જે બ્રિટનના ગૃહમંત્રી બનનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ છે ?
(A) શ્રી કૈલાશ સત્યવર્તી (B) શ્રી રિષિ સુનાક
(C) શ્રી આલોક શર્મા (D) સુશ્રી પ્રીતિ પટેલ
**(D)**

**7.** મૂળ ગુજરાતના આણંદ જિલ્લાના તારાપુરના વતની સુશ્રી પ્રીતિ પટેલ બ્રિટનમાં કઈ બેઠક પરથી સાંસદ છે ?
(A) વિવેગમ (B) વિથમ (C) વિરમન (D) વિગજમ
**(B)**

**8.** દર વર્ષે ભારતમાં 'આવકવેરા દિવસ' અથવા તો 'Income Tax Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 જુલાઈ (B) 24 જુલાઈ (C) 25 જુલાઈ (D) 26 જુલાઈ
**(B)**

**9.** 'આવકવેરા દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. 24 જુલાઈ, 2019ના રોજ અમદાવાદ ખાતે થયેલી આ દિવસની ઉજવણીમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભાગ લીધો હતો.
2. ભારતમાં 24 જુલાઈ, 1760ના રોજ સર જેમ્સ વિલ્સન દ્વારા Income Tax લાગુ કરવામાં આવ્યો હતો.
3. આવકવેરાની ફરિયાદોના નિવારણમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3
**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. તાજેતરમાં આતંકવાદ વિરોધી ગણાતુ 'Unlawful Activities (Prevention) Amendment Bill 2019' લોકસભામાં પસાર કરવામાં આવ્યું છે...આ બિલ દ્વારા કયા એક્ટમાં સુધારો કરવામાં આવશે ?
(A) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1962
(B) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1965
(C) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967
(D) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1969 **(C)**

11. તાજેતરમાં લોકસભામાં પસાર થયેલા UPPA Bill 2019માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં આતંકવાદી કેસોમાં NIA કોની મંજૂરીથી સંપત્તિ જપ્ત કરી શકશે ?
(A) રાજ્યના DGP (B) રાજ્યના ગૃહમંત્રી
(C) રાજ્યના મુખ્યમંત્રી (D) NIAના ડાયરેક્ટર જનરલ **(D)**

## 26 JULY, 2019 FRIDAY

## ➤ દિવસ મહિમા : 26 જુલાઈ, કારગિલ વિજય દિવસ



**ભારત અને પાકિસ્તાન** વચ્ચે **1999**માં થયેલા **કારગિલ યુદ્ધ**માં ભારતની સેના દ્વારા **'ઓપરેશન વિજય'** હાથ ધરવામાં આવ્યું હતું.

- જેમાં ભારતની સેનાની જીત થઈ હતી.
- અને **26 જુલાઈ, 1999**ના રોજ આ યુદ્ધનો અંત આવ્યો હતો.
- આથી, ભારતમાં દર વર્ષે **26 જુલાઈ**ના રોજ **'કારગિલ વિજય દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ **2019**માં આ દિવસને **20 વર્ષ** પૂર્ણ થયા હોવાથી 'કારગિલ વિજય દિવસ'ની **20મી વર્ષગાંઠ**ની ઉજવણી કરવામાં આવી છે.
- આ અંતર્ગત 26 જુલાઈ, 2019ના રોજ **જમ્મુ કાશ્મીર**ના **કારગિલ** જિલ્લાના **દ્રાસ** ખાતે આવેલ **'કારગિલ વોર મેમોરિયલ'** પર દેશના **ત્રણેય સેના પ્રમુખોએ** કારગિલ યુદ્ધના જાંબાઝ શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.
- આ પ્રસંગે **દિલ્હી**થી નીકળેલી વિજયી મશાલને **દ્રાસ** ખાતે **જનરલ બિપીન રાવતે** કારગિલ વોર મેમોરિયલ પર સ્થાપિત અનંત જ્યોતની સાથે મિલાવી દીધી હતી.
- આ કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદ** ઉપસ્થિત રહેવાના હતા. પરંતુ ખરાબ હવામાનને કારણે તેઓ દ્રાસ સુધી પહોંચી શક્યા ન હતા.

**નોંધ :** (1) 26 જુલાઈ, 2019ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહે** **નવી દિલ્હી** ખાતે આવેલા **'નેશનલ વોર મેમોરિયલ'** પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

(2) **3 મે, 1999**ના રોજ સૌપ્રથમ **તાશી નામગ્યાલ** નામના **ગોવાળે** કારગિલમાં પાકિસ્તાની સેનાએ ઘુસણખોરી કરી હોવાની માહિતી ભારતની સેનાને આપી હતી. ત્યારબાદ આ યુદ્ધની શરૂઆત થઈ હતી.

(3) જેમાં **જોજિલાથી તૂરતોક** વચ્ચેના દુર્ગમ વિસ્તારોમાં 12,000 ફૂટથી વધુ ઊંચાઈએથી ભારતીય સેનાએ પાકિસ્તાની ઘૂસણખોરોને ભગાડી દીધા હતા.

## ➤ The Global Innovation Index (GII) 2019

24 જુલાઈ, 2019ના રોજ ભારતમાં કેન્દ્રીય ઉદ્યોગ અને વ્યાપાર તથા રેલવે મંત્રી **શ્રી પિયૂષ ગોયલે** **નવી દિલ્હી** ખાતેથી **'The Global Innovation Index 2019'** લોન્ચ કર્યો હતો.

- કોઈ **ઉભરતા અર્થતંત્ર (Emerging Economy)**માં આ ઈન્ડેક્સ લોન્ચ થયો હોય એવી આ **પ્રથમ** ઘટના હતી.
- વર્ષ **2019**માં જાહેર થયેલા આ ઈન્ડેક્સમાં **ભારત** વિશ્વની **129** અર્થવ્યવસ્થાઓમાંથી **52મા** ક્રમે છે.
- આ અગાઉ વર્ષ **2018**માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત **57મા** ક્રમે હતું. આમ, ગત વર્ષની તુલનાએ ભારતનો આ ઈન્ડેક્સમાં **5 ક્રમનો સુધારો** થયો છે.
- છેલ્લા **પાંચ વર્ષ**માં આ ઈન્ડેક્સમાં ભારતે **29 ક્રમ**ની છલાંગ લગાવી છે.
- વર્ષ **2015**માં આ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ **81મો** હતો.
- આ ઈન્ડેક્સમાં સૌપ્રથમ **ટોપ-50** અને ત્યારબાદ **ટોપ-25** દેશોમાં શામેલ થવાનું ભારત સરકારનું **લક્ષ્ય** છે.
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં **સ્વિત્ઝર્લેન્ડ** વર્ષ **2018** બાદ **2019**માં પણ **પ્રથમ** ક્રમે છે.
- જ્યારે **સ્વિત્ઝર્લેન્ડ** બાદ **સ્વીડન બીજા** અને **અમેરિકા ત્રીજા** ક્રમે છે.
- જ્યારે **યમન** અંતિમ **129મા** ક્રમે છે.

**Global Innovation Index (GII) 2019**

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | સ્વિત્ઝર્લેન્ડ |
| 2 | સ્વીડન |
| 3 | અમેરિકા |
| 52 | ભારત |
| 129 | યમન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**Cornell University, INSED** અને સંયુક્ત રાષ્ટ્રના **World Intellectual Property Organization (WIPO)** તથા **GII Knowledge Partners** દ્વારા **દર વર્ષે** આ ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

- વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલું આ **12મું** GII Ranking હતું. જેમાં Intellectual Property Filing Ratesથી લઈને Mobile Application Creation, Education Spending અને Scientific and Technical Publications જેવા જુદા જુદા **80 Indicators**ને આધારે વિશ્વના **129** અર્થતંત્રોને રેન્ક આપવામાં આવ્યા છે.
- આ ઈન્ડેક્સ વિવિધ દેશોની **Innovation (નવીનીકરણ)**ની ક્ષમતા અને સફળતા દર્શાવે છે.



## ➤ ત્રિપલ તલાક અંગેનું બિલ ત્રીજી વખત ભારતની લોકસભામાં પસાર

25 જુલાઈ, 2019ના રોજ ત્રિપલ તલાક અંગેનું બિલ **ત્રીજી વખત** ભારતની **લોકસભા**માં પસાર થયું છે.

- લોકસભામાં પસાર થયેલા આ બિલનું નામ **'મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓન મેરેજ) બિલ, 2019'** છે.



- કેન્દ્રીય કાયદા મંત્રી **શ્રી રવિશંકર પ્રસાદ** દ્વારા આ બિલ **લોકસભા**માં રજૂ કરવામાં આવ્યું હતું. જે **303 વિરુદ્ધ 82** મતોથી પસાર થયું છે.
- આ અગાઉ સૌપ્રથમ વખત 28 ડિસેમ્બર, 2017ના રોજ અને ત્યારબાદ વર્ષ 2018માં પણ આ બિલ લોકસભામાં પસાર થયું હતું. પરંતુ તે રાજ્યસભામાં પસાર થઈ શક્યું ન હતું.

### ત્રિપલ તલાક અંગેના બિલની મુખ્ય જોગવાઈઓ

ત્રિપલ તલાક અંગે લોકસભામાં પસાર થયેલા બિલની મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

1. ભારતમાં કોઈપણ સ્વરૂપે એટલે કે મૌખિક, લેખિત કે ઈ-મેઈલ, SMS કે વોટ્સએપ જેવા ઈલેક્ટ્રોનિક સ્વરૂપે કે અન્ય કોઈપણ રીતે બિન કાયદાકીય કે કોર્ટ કાર્યવાહીને અનુસર્યા વગર અપાતા ત્રિપલ તલાક **ગેરકાયદે** ગણાશે.
2. ત્રિપલ તલાકની મદદથી કોઈ મુસ્લિમ પતિ પોતાની પત્નીને છૂટાછેડા આપે તો તે માન્ય ગણાશે નહિ.
3. પત્નીની ફરિયાદ બાદ જો પતિ દોષિત ઠરે તો તેને **મહત્તમ ત્રણ વર્ષની કેદ તેમજ દંડ** થશે.
4. આ કેસમાં જો મહિલા મેજિસ્ટ્રેટ સમક્ષ સમાધાનનો પ્રસ્તાવ મૂકે અને પતિ-પત્ની સમાધાન માટે સંમત થાય તો જ આ પ્રકારના કેસમાં મેજિસ્ટ્રેટ દ્વારા મુકાયેલી ઉચિત શરતો પર સમાધાન થઈ શકશે.
5. આ કેસમાં મેજિસ્ટ્રેટ પત્નીનો પક્ષ સાંભળ્યા પછી જ વ્યાજબી આધારો પર પતિને જામીન પર મુક્ત કરી શકશે. મેજિસ્ટ્રેટ પાસેથી ત્યારે જ જામીન મળી શકશે જ્યારે પતિ પત્નીને ભરણપોષણ આપવા તૈયાર થાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ત્રિપલ તલાક પર સુપ્રીમનો પ્રતિબંધ




આ અગાઉ ભારતમાં **22 ઓગસ્ટ, 2017**ના રોજ સુપ્રીમ કોર્ટે મુસ્લિમ સમાજમાં ચાલી આવતી **ત્રિપલ તલાક** અથવા તો **તલાક-એ-બિદત**ની પ્રથાને **ગેરકાયદેસર અને ગેરબંધારણીય** ગણાવીને તેના પર **પ્રતિબંધ** મૂકી દીધો હતો.

- સુપ્રીમ કોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ **શ્રી જસ્ટિસ ખેહર**ના વડપણ હેઠળની **પાંચ જજ**ની બેન્ચે **ત્રણ વિરુદ્ધ બે**થી આ ચુકાદો આપ્યો હતો.

**નોંધ :** **ઈન્દોર**ના **શાહબાનો** પહેલા મુસ્લિમ મહિલા હતા કે જેમણે ત્રિપલ તલાકને સૌપ્રથમ વખત અદાલતમાં પડકાર્યો હતો.

### વિશ્વમાં સ્થિતિ

પાકિસ્તાન અને મલેશિયા સહિત વિશ્વના લગભગ 20 જેટલા મુસ્લિમ દેશોમાં ત્રિપલ તલાક પર પ્રતિબંધ છે.

- વિશ્વમાં સૌપ્રથમ **ઈજિપ્તે** **1929**માં ત્રિપલ તલાક પર પ્રતિબંધ મૂક્યો હતો.
- **પાકિસ્તાન**માં આ પ્રથા પર **1961**થી પ્રતિબંધ છે.

## ➤ યૌન અપરાધથી બાળકોના સંરક્ષણ માટે 'Protection of Children From Sexual Offences (Amendment) Bill 2019' રાજ્યસભામાં પસાર

તાજેતરમાં યૌન અપરાધથી બાળકોનું રક્ષણ કરવા માટે મહત્ત્વનું **'યૌન અપરાધથી બાળકોનું રક્ષણ (સુધારા) બિલ, 2019'** ભારતની રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું છે.

- આ નવા બિલ દ્વારા **પોક્સો એક્ટ, 2012**માં સુધારો કરવામાં આવશે.

### નવા બિલની મહત્ત્વની જોગવાઈ




1. **પેનેટ્રેટિવ જાતીય હુમલા**ના કિસ્સામાં **સાત વર્ષથી આજીવન કેદ** સુધીની સજાની જોગવાઈ.
2. જો કોઈ વ્યક્તિ **16 વર્ષથી ઓછી** ઉંમરના બાળક પર પેનેટ્રેટિવ જાતીય હુમલો કરે તો **20 વર્ષથી આજીવન કેદ** સુધીની સજાની જોગવાઈ.
3. બાળકો સંબંધિત પોર્ન સામગ્રી રાખવાના કિસ્સામાં **ત્રણથી પાંચ વર્ષ**ની સજા તથા દંડની જોગવાઈ.
4. આ ઉપરાંત બાળકોને સમય પહેલાં વયસ્ક બનાવવા માટે હોર્મોન અથવા કોઈ અન્ય રાસાયણિક ખવડાવવા માટે પણ કડક સજા કરવામાં આવશે.


**નોંધ :** આ અગાઉ કેન્દ્રીય કેબિનેટ દ્વારા ભારતમાં **12 વર્ષથી ઓછી** ઉંમરની બાળકીઓ સાથે દુષ્કર્મ અને હત્યા જેવા ગંભીર ગુનામાં **મોતની સજા**ની જોગવાઈ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### POCSO Act, 2012 શું છે ?

બાળકોને જાતીય શોષણથી રક્ષણ આપવા માટે ભારતમાં આ એક્ટ ઘડવામાં આવ્યો હતો.

- **POCSO Act, 2012**નું પૂરું નામ **'Protection of Children from Sexual Offences Act, 2012'** છે.



## ICE ? Questions

1. ભારતમાં કયો દિવસ 'કારગિલ વિજય દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) 25 જુલાઈ (B) 26 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ **(B)**

2. તાજેતરમાં વર્ષ 2019 દરમિયાન 'કારગિલ વિજય દિવસ'ની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 18મી (B) 20મી (C) 22મી (D) 25મી **(B)**

3. 26 જુલાઈ, 2019ના રોજ 'કારગિલ વિજય દિવસ'ની 20મી વર્ષગાંઠ નિમિત્તે ભારતના ત્રણેય સેના પ્રમુખોએ ભારતમાં કઈ જગ્યાએ આવેલા 'કારગિલ વોર મેમોરિયલ' પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી ?
(A) નવી દિલ્હી (B) લેહ (C) લદાખ (D) દ્રાસ **(D)**

4. 1999માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા કારગિલ યુદ્ધમાં ભારતે કયું ઓપરેશન હાથ ધર્યું હતું ?
(A) ઓપરેશન કારગિલ (B) ઓપરેશન શક્તિ
(C) ઓપરેશન વિજય (D) ઓપરેશન શસ્ત્ર **(C)**

5. તાજેતરમાં 24 જુલાઈ, 2019ના રોજ 'The Global Innovation Index (GII) 2019' ક્યાંથી લોન્ચ થયો હતો ?
(A) પેરિસ (B) લંડન (C) ન્યૂયોર્ક (D) નવી દિલ્હી **(D)**

6. 24 જુલાઈ, 2019ના રોજ નવી દિલ્હી ખાતેથી કોના દ્વારા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2019' લોન્ચ કરવામાં આવ્યો હતો ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રીમતી નિર્મલા સિતારામન (D) શ્રી પિયૂષ ગોયલ **(D)**

7. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ (GII), 2019' અનુસાર કુલ 129 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) 52 (B) 55 (C) 57 (D) 60 **(A)**

8. વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ'માં ભારત કયા ક્રમે હતો ?
(A) 55 (B) 57 (C) 59 (D) 60 **(B)**

9. વર્ષ 2019ના 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) નોર્વે (B) ફિનલેન્ડ (C) સ્વીડન (D) સ્વિત્ઝર્લેન્ડ **(D)**

10. 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2019'માં અંતિમ 129મા ક્રમે કયો દેશ છે ?
(A) પાકિસ્તાન (B) બાંગ્લાદેશ (C) યમન (D) મલાવી **(C)**

11. 25 જુલાઈ, 2019ના રોજ ત્રિપલ તલાક અંગેનું બિલ ભારતની લોકસભામાં કુલ કેટલામી વખત પસાર થયું છે ?
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(C)**

12. 25 જુલાઈ, 2019ના રોજ ત્રિપલ તલાક અંગેનું કયું બિલ ભારતની લોકસભામાં પસાર થયું છે ?
(A) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન) બિલ, 2019
(B) મુસ્લિમ વિમેન (મેરેજ પ્રોટેક્શન) બિલ, 2019
(C) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓન મેરેજ) બિલ, 2019
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13. તાજેતરમાં લોકસભામાં પસાર થયેલા ત્રિપલ તલાક અંગેના બિલમાં જો કોઈ વ્યક્તિ દોષિત ઠરે તો તેના માટે કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) મહત્તમ ત્રણ વર્ષની કેદ તેમજ દંડ (B) મહત્તમ પાંચ વર્ષની કેદ તેમજ દંડ
(C) મહત્તમ દસ વર્ષની કેદ તેમજ દંડ (D) આવી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી (A)

14. તાજેતરમાં લોકસભામાં કોના દ્વારા ત્રિપલ તલાક અંગેનું બિલ રજૂ કરવામાં આવ્યું હતું ?
(A) શ્રી અમિત શાહ (B) શ્રીમતી નિર્મલા સિતારામન
(C) શ્રી રાજનાથ સિંહ (D) શ્રી રવિ શંકર પ્રસાદ (D)

15. તાજેતરમાં રાજ્યસભામાં પસાર થયેલા 'પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2019' અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવશે ?
(A) POCSO Act, 2010 (B) POCSO Act, 2012
(C) POCSO Act, 2013 (D) POCSO Act, 2014 (B)

16. POCSOનું પૂરું નામ શું છે ?
(A) Protection of Children from Sexual Offences
(B) Protection for Children from Sexual Offences
(C) Protection to Children from Sexual Offences
(D) ત્રણમાંથી કોઈ નહિ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 27 JULY, 2019 SATURDAY

## ➤ ભારતનું સંપૂર્ણ સ્વદેશી મિશન ચંદ્રયાન-2 સફળતાપૂર્વક લોન્ચ : ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બનશે




22 જુલાઈ, 2019ના રોજ ભારતની અવકાશ સંસ્થા ઈસરો દ્વારા ભારતનું બીજું ચંદ્ર અભિયાન ચંદ્રયાન-2 સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે.

- ભારતના આ બીજા ચંદ્ર મિશન ચંદ્રયાન–2ની મુખ્ય વિશેષતા એ છે કે આ મિશન ભારત દ્વારા સંપૂર્ણ સ્વદેશી બનાવટથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ માટે બીજા કોઈપણ દેશનો સહયોગ લેવામાં આવ્યો નથી.

### ભારતની સિદ્ધિ

સંભવત: 7 સપ્ટેમ્બર, 2019ના રોજ જ્યારે આ અવકાશયાનનું લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડ કરશે ત્યારે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનારો વિશ્વનો પ્રથમ દેશ બની જશે.

- અને આ ઉપરાંત ભારત ચંદ્રની ધરતી પર પહોંચનારો અમેરિકા, રશિયા અને ચીન બાદ વિશ્વનો ચોથો દેશ બની જશે.




## ચંદ્રયાન-2 ક્યાંથી લૉન્ચ થયું હતું ?

ભારતમાં <u>આંધ્રપ્રદેશ</u>ના <u>શ્રી હરિકોટા</u> ખાતે આવેલા <u>સતીશ ધવન સ્પેસ સેન્ટર</u>ના <u>બીજા નંબરના લૉન્ચ પેડ</u> પરથી આ અભિયાન લૉન્ચ કરવામાં આવ્યું હતું.

## ચંદ્રયાન-2 કયા રોકેટની મદદથી લૉન્ચ થયું હતું ?

<u>GSLV MK III-M1</u> નામના ભારતના સૌથી કદાવર અને આધુનિક <u>રોકેટ</u> દ્વારા <u>ચંદ્રયાન-2</u> લૉન્ચ કરવામાં આવ્યું હતું.



- <u>GSLV MK III</u> એ <u>ત્રણ ચરણનું</u> ઈસરો દ્વારા વિકસાવવામાં આવેલું રોકેટ છે.
- આ ત્રણ ચરણના રોકેટમાં <u>પહેલા ચરણ</u>માં <u>બે નક્કર ઇંધણવાળા ચેમ્બર</u> છે.
- <u>બીજા ચરણ</u>માં આ રોકેટમાં <u>તરલ ઇંધણવાળું પ્રણોદક</u> છે.
- અને <u>ત્રીજા ચરણ</u>માં <u>ક્રાયોજેનિક એન્જિન</u> લગાવેલું છે.
- આ રોકેટ <u>4 ટન અથવા તો 4000 કિલોગ્રામ</u> વજન સુધીના ઉપગ્રહોને <u>ઉચ્ચ કક્ષા</u>માં તરતા મૂકી શકે છે.
- જ્યારે આ રોકેટ દ્વારા <u>10 ટન અથવા તો 10,000 કિલોગ્રામ</u> સુધીના ઉપગ્રહોને <u>નીચલી કક્ષા</u>માં સ્થાપિત કરી શકાય છે.
- આ રોકેટ દ્વારા <u>3850 થી વધુ કિલોગ્રામ</u> વજનના <u>ચંદ્રયાન-2</u>ને 6000 કિમીની એક કક્ષા સુધી સફળતાપૂર્વક પહોંચાડવામાં આવ્યું છે.

**નોંધ :** <u>GSLVનું પૂરું નામ 'Geosynchronous Satellite Launch Vehicle'</u> છે.

## ચંદ્રયાન-2ના ત્રણ ભાગ

ચંદ્રયાન-2 નામનું અવકાશયાન <u>ત્રણ વિશિષ્ટ ભાગો</u>માં વહેંચાયેલું છે.

- આ યાનના ત્રણ વિશિષ્ટ ભાગોમાં –

  (1) <u>Orbiter</u>

  (2) <u>Lander (વિક્રમ)</u> અને

  (3) <u>Rover (પ્રજ્ઞાન)</u> નો સમાવેશ થાય છે.



- આ યાનના ત્રણ ભાગોમાંથી <u>ઓર્બિટર</u> ચંદ્રની સપાટીથી 100 કિમી દૂર <u>1 કે 2 વર્ષ</u> સુધી ચંદ્રના ચક્કર લગાવશે અને ચંદ્ર વિશેની માહિતી મોકલતું રહેશે.
- જ્યારે <u>વિક્રમ</u> નામનું <u>લેન્ડર</u> ઓર્બિટરથી અલગ થઈને સંભવતઃ <u>7 સપ્ટેમ્બર, 2019</u>ના રોજ ચંદ્રના <u>દક્ષિણ ધ્રુવ</u> પર <u>મેનજિનસ-સી અને સીમ્પેલિયસ-એન ક્રેટરો વચ્ચે</u> સોફ્ટ લેન્ડિંગ કરશે.
- ત્યારબાદ <u>વિક્રમ</u> નામના <u>લેન્ડર</u>માંથી <u>પ્રજ્ઞાન</u> નામનું <u>રોવર</u> અલગ થશે.
- અને <u>પ્રજ્ઞાન</u> નામનું આ <u>રોવર</u> ચંદ્રની સપાટી પર વ્હીલની મદદથી ચાલશે અને માટી તથા ખડકોના નમૂના એકત્ર કરશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ રોવર 500 મીટર સુધીની સફર કરી શકે છે. આ માટે રોવરમાં ગોઠવવામાં આવેલી સૌર પેનલથી તેને વીજળી મળશે.
- આ રોવર તથા લેન્ડરનું મિશન આયુષ્ય 1 ચંદ્ર દિવસ (એટલે કે પૃથ્વી પરના 14 દિવસ) જેટલું છે.
- જ્યારે ઓર્બિટરનું મિશન આયુષ્ય 1 કે 2 વર્ષ સુધીનું છે.

**નોંધ :** (1) ઓર્બિટર, લેન્ડર અને રોવર એ ત્રણેય ભારતમાં સંપૂર્ણ સ્વદેશી બનાવટથી વિકસાવવામાં આવ્યા છે.

(2) લેન્ડર અને રોવર મોકલવાનો ભારત માટે આ પ્રથમ પ્રયોગ છે. આ અગાઉ ભારતે ક્યારેય આ પ્રકારનું મિશન યોજ્યું નથી.

(3) ચંદ્રયાન-2ને ચંદ્ર સુધી પહોંચાડવા માટે આ યાનની અનેક વખત કક્ષા અથવા તો દિશા બદલવી પડશે. આ ક્રિયા 'મેનુવરિંગ' તરીકે ઓળખાય છે.

### ચંદ્રયાન-2નું અંદાજિત વજન

(1) ઓર્બિટર : 2379 kg
(2) લેન્ડર : 1471 kg
(3) રોવર : 27 kg
(4) ચંદ્રયાન-2નું કુલ વજન : 3850 kgથી વધુ

### ચંદ્રયાન-2માં પેલોડ

ચંદ્રયાન-2માં ભારતના કુલ 13 Payload એટલે કે 13 અંતરિક્ષ ઉપકરણ મોકલવામાં આવ્યા છે.


- જે ચંદ્રના ઉદ્‌ભવ અને વિકાસ અંગે વિસ્તૃત માહિતી આપશે.
- ભારતના 13 પેલોડમાંથી ઓર્બિટર પર આઠ, લેન્ડર પર ત્રણ અને રોવર પર બે પેલોડ હશે.
- ભારતના આ 13 પેલોડ ઉપરાંત અમેરિકાની અવકાશ સંસ્થા નાસાનું પણ એક ઉપકરણ હશે.
  નાસા આ ઉપકરણની મદદથી ધરતી અને ચંદ્ર વચ્ચેનું અંતર માપવાનું કાર્ય કરશે.



Orbiter




Lander - Vikram



Rover - Pragyan

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચંદ્રયાન-2નો ઉદ્દેશ



ચંદ્રયાન-2 લોન્ચ કરવા પાછળના ભારતના મુખ્ય ઉદ્દેશ આ પ્રમાણે છે :

1. ખૂબ જ મહત્ત્વની ટેક્નોલોજી વિકસાવવી અને તેનું પ્રદર્શન કરવું.
2. જેમાં ચંદ્ર અભિયાન ક્ષમતા, ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ અને ચંદ્રની સપાટી પર ચાલવાનો સમાવેશ થાય છે.
3. ચંદ્ર વિશે મહત્ત્વની વૈજ્ઞાનિક માહિતી એકઠી કરવી. જેમાં ચંદ્રની ભૌગોલિક સ્થિતિ, ખનીજ, ચંદ્રની સપાટીની રાસાયણિક સંરચના, ચંદ્રનો ઉદ્ભવ અને વિકાસ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

## ચંદ્રયાન-1

- ચંદ્રયાન-1 એ ભારત દ્વારા ચંદ્ર પર લોન્ચ કરવામાં આવેલું ભારતનું પ્રથમ ચંદ્રયાન હતું.
- 22 ઓક્ટોબર 2008ના રોજ તેનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું અને 28 ઓગસ્ટ 2009 સુધી તેને ઓપરેટ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેનો સંપર્ક કપાઈ ગયો હતો.
- ભારતમાં આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી PSLV-XL C11 નામના રોકેટ દ્વારા ચંદ્રયાન-1 લોન્ચ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISRO

ISROનું પૂરું નામ 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર)' છે.

- ઈસરોની સ્થાપના 15 ઓગસ્ટ, 1969ના રોજ થઈ હતી.
- જોકે INCOSPAR (ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ) રૂપે તેની સ્થાપના 1962માં થઈ હતી.
- ઈસરોનું વડું મથક કર્ણાટકના બેંગાલુરુ ખાતે આવેલું છે.
- ઈસરોનું આદર્શ વાકય 'માનવ જાતિની સેવામાં અવકાશ ટેક્નોલોજી' છે.
- ઈસરોની વેબસાઈટનું નામ www.isro.gov.in છે.

**ખાસ નોંધ : ચંદ્રયાન-2 વિશેના પરીક્ષાલક્ષી મહત્ત્વના પ્રશ્નો આગામી અંક WEEK-31માં પ્રસિદ્ધ કરવામાં આવશે.**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે CRPF જવાનોની સાઈકલ રેલીનો પ્રારંભ

જુલાઈ, 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદના સાબરમતી આશ્રમ ખાતેથી Flags off કરાવીને 'CRPF જવાનોની સાયકલ રેલી'નો પ્રારંભ કરાવ્યો છે. CRPFના 81મા સ્થાપના દિવસ નિમિત્તે 15 જુલાઈથી 27 જુલાઈ, 2019 દરમિયાન સાબરમતી આશ્રમ, અમદાવાદથી ઈન્ડિયા ગેટ, નવી દિલ્હી સુધી આ સાઈકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ➤ ભારતમાં રૂફટોપ સોલાર પેનલ લગાવવામાં ગુજરાત નંબર 1

કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયના રાજ્યમંત્રી શ્રી આર.કે. સિંહે તાજેતરમાં રાજ્યસભામાં આપેલી માહિતી અનુસાર રૂફટોપ સોલાર પ્રોજેક્ટની સ્થાપનામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. 23 જુલાઈ, 2019ની સ્થિતિએ ગુજરાતની રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનની કુલ કેપિસિટી 261.97 મેગાવૉટ છે. રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનમાં ગુજરાત બાદ મહારાષ્ટ્ર બીજા અને તમિલનાડુ ત્રીજા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ નીતિ આયોગ અનુસાર ભારત નાણાકીય વર્ષ 2020-21થી 8 ટકાથી વધુ GDP વૃદ્ધિ દર હાંસલ કરશે

નીતિ આયોગના ઉપાધ્યક્ષ શ્રી રાજીવ કુમારે તાજેતરમાં આપેલી માહિતી અનુસાર ભારત નાણાકીય વર્ષ 2020-21થી 8 ટકાથી વધુનો આર્થિક વૃદ્ધિ દર હાંસલ કરી લેશે. અને એ વૃદ્ધિ દર આગામી અનેક વર્ષો સુધી યથાવત્ રહેશે. નીતિ આયોગ અનુસાર ભારત પાસે 10 ટકાથી વધુ આર્થિક વૃદ્ધિ દર હાંસલ કરવાની ક્ષમતા છે.

### ➤ ઈન્ડોનેશિયા ઓપનમાં સુશ્રી પી.વી. સિંધુને સિલ્વર મેડલ મળ્યો

16 થી 21 જુલાઈ, 2019 દરમિયાન ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે યોજાયેલી ઈન્ડોનેશિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતના મહિલા બેડમિન્ટન ખેલાડી સુશ્રી પી.વી. સિંધુને સિલ્વર મેડલ પ્રાપ્ત થયો છે. આ ટુર્નામેન્ટમાં 'વિમેન્સ સિંગલ્સ' ઈવેન્ટની ફાઈનલ મેચમાં જાપાનના સુશ્રી અકાને યામાગુચી સામે તેમનો પરાજય થયો છે.

### ➤ આંધ્રપ્રદેશમાં 75 ટકા ખાનગી નોકરીઓ સ્થાનિક ઉમેદવારો માટે અનામત

22 જુલાઈ, 2019ના રોજ **આંધ્રપ્રદેશ** વિધાનસભામાં **'એમ્પ્લોઈમેન્ટ ઓફ લોકલ કેન્ડિડેટ્સ ઈન ઈન્ડસ્ટ્રિયલ ફેક્ટરી એક્ટ, 2019'** પસાર કરવામાં આવ્યો છે. આ એક્ટ અનુસાર **આંધ્રપ્રદેશ**ના ઔદ્યોગિક એકમો, ફેક્ટરીઓ, સંયુક્ત સાહસો અને પ્રોજેક્ટોમાં 75 ટકા નોકરી **સ્થાનિક ઉમેદવારો**ને આપવાની રહેશે. આ સાથે જ સ્થાનિક **આંધ્રપ્રદેશ** ઉમેદવારો માટે ખાનગી નોકરીઓમાં 75 ટકા અનામતની જોગવાઈ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

### ➤ મધ્યપ્રદેશમાં OBCને હવે 27 ટકા અનામત આપવામાં આવશે

23 જુલાઈ, 2019ના રોજ **મધ્યપ્રદેશ**ની વિધાનસભામાં **OBCને 27 ટકા અનામત** આપતા ખરડાને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે. આથી **મધ્યપ્રદેશ**માં હવે **OBC વર્ગ**ને રાજ્ય સરકારની નોકરીઓ અને શિક્ષણમાં 27 ટકા અનામત મળશે. અત્યાર સુધી તેમને 14 ટકા અનામતનો લાભ આપવામાં આવતો હતો.

### ➤ ભારતના કેરળમાં દેશના પ્રથમ 'સ્પેશ પાર્કની સ્થાપના કરવામાં આવશે

તાજેતરમાં **કેરળ** સરકાર દ્વારા તિરવનંતપુરમમાં અતિ આધુનિક **'સ્પેસ સિસ્ટમ પાર્ક'**ની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ સ્પેસ પાર્કનો મુખ્ય ઉદ્દેશ **અવકાશ ક્ષેત્રે** કાર્ય કરતી વૈશ્વિક કંપનીઓને આકર્ષિત કરીને આ પાર્ક દ્વારા અવકાશ સંબંધિત ટેકનોલોજીનું એક **હબ** બનાવવાનો છે. **કેરળ**ના **તિરુવનંતપુરમ** ખાતે સ્થપાનાર આ ભારતનો **પ્રથમ** 'સ્પેસ પાર્ક' હશે.

## વિશ્વ

### ➤ IMFના મેનેજિંગ ડિરેક્ટર પદેથી સુશ્રી ક્રિસ્ટીન લગાર્ડનું રાજીનામું

**International Monetary Fund (IMF)**ના **Managing Director** પદેથી **સુશ્રી ક્રિસ્ટીન લગાર્ડે** તાજેતરમાં રાજીનામું આપી દીધું છે. તેમના રાજીનામા બાદ **IMF**ના **MD** તરીકે હાલ **શ્રી ડેવિડ લિપ્ટન**ની નિમણૂક કરવામાં આવી છે. તાજેતરમાં **યૂરોપીયન સેન્ટ્રલ બેન્ક**ના **પ્રમુખ** તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હોવાથી **સુશ્રી ક્રિસ્ટીન લગાર્ડે** IMFના MD પદેથી રાજીનામું આપ્યું છે. સુશ્રી ક્રિસ્ટીન લગાર્ડ **European Central Bank**ના પ્રમુખ બનનાર **પ્રથમ મહિલા** હશે.

### ➤ જાપાન અને UNEP દ્વારા પારાના ઘાતક પ્રભાવને રોકવા માટે નવી યોજનાની જાહેરાત

**પારા**થી થતી **મિનામાતા** નામની બિમારીની અસર **જાપાન**માં લાંબો સમય જોવા મળી છે. આથી પારાથી થતી બિમારી વૈશ્વિક સ્તરે અટકાવવા માટે **જાપાન અને UNEP (United Nations Environment Programme)** દ્વારા એક યોજના બનાવવામાં આવી છે. આ અંતર્ગત **એશિયા અને પ્રશાંત ક્ષેત્ર**માં એક **ક્ષેત્રીય Mercury Monitoring Laboratory Network**ની સ્થાપના કરવામાં આવશે.

ICE Questions

- 15 જુલાઈ 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કયાંથી CRPF જવાનોની સાઈકલ રેલીનો પ્રારંભ કરાવ્યો હતો ? – સાબરમતી આશ્રમ, અમદાવાદ
- CRPFના 81મા સ્થાપના દિન નિમિતે 15 જુલાઈથી 27 જુલાઈ, 2019 દરમિયાન CRPFના જવાનો દ્વારા અમદાવાદના સાબરમતી આશ્રમથી કયાં સુધી સાઈકલ રેલીનું આયોજન થયું હતું ? – ઈન્ડિયા ગેટ, નવી દિલ્હી
- 23 જુલાઈ, 2019ની સ્થિતિએ રૂફટોપ સોલાર પ્રોજેકટની સ્થાપનામાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે કયું રાજય છે ? –ગુજરાત
- નીતિ આયોગના ઉપાધ્યક્ષ શ્રી રાજીવ કુમારે તાજેતરમાં આપેલી માહિતી અનુસાર ભારત કયાં સુધી 8 ટકાથી વધુનો આર્થિક વૃધ્ધિ દર હાંસલ કરી લેશે ? – નાણાકીય વર્ષ 2020-21થી
- જુલાઈ, 2019 દરમિયાન ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે યોજાયેલી ઈન્ડોનેશિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં 'વિમેન્સ સિંગલ્સ' ઈવેન્ટની ફાઈનલ મેચમાં ભારતના સુશ્રી પી.વી. સિંધુનો કોની સામે પરાજય થયો હતો ? – સુશ્રી અકાને યામાગુચી (જાપાન)
- 22 જુલાઈ, 2019ના રોજ ભારતના કયા રાજયની વિધાનસભામાં બિલ પસાર કરીને સ્થાનિક ઉમેદવારો માટે ખાનગી નોકરીઓમાં 75 ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે ? – આંધ્રપ્રદેશ
- તાજેતરમાં 23 જુલાઈ, 2019ના રોજ ભારતના કયા રાજયની વિધાનસભામાં OBCને 14 ટકાની જગ્યાએ હવે 27 ટકા અનામત આપતો ખરડો પસાર કરવામાં આવ્યો છે ? – મધ્યપ્રદેશ
- તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતના કયા રાજયમાં દેશના પ્રથમ 'સ્પેસ પાર્ક'ની સ્થાપના કરવામાં આવશે ? –કેરળ
- તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર કેરળમાં કઈ જગ્યાએ દેશનો પ્રથમ 'સ્પેસ પાર્ક' સ્થપાશે ? – તિરુવનંતપુરમ
- IMFના મેનેજિંગ ડિરેકટર પદેથી તાજેતરમાં કોણે રાજીનામું આપ્યું છે ? – સુશ્રી ક્રિસ્ટીન લગાર્ડ
- સુશ્રી ક્રિસ્ટીન લગાર્ડના રાજીનામા બાદ IMFના નવા મેનેજિંગ ડિરેકટર પદે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ડેવિડ લિપ્ટન
- European Central Bankના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી ક્રિસ્ટીન લગાર્ડ
- તાજેતરમાં UNEP અને કયા દેશના સહયોગથી પારાના ઘાતક પ્રભાવને રોકવા માટે એશિયા અને પ્રશાંત ક્ષેત્રમાં એક ક્ષેત્રીય Mercury Monitoring Laboratory Networkની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – જાપાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. 20 જુલાઈ, 2019ના રોજ કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી ડો. હર્ષવર્ધને ભારતમાં કઈ જગ્યાએ આવેલા Centre for Celluler and Molecular Biologyમાં Next Generation Sequencing (NSG) Facilityનો પ્રારંભ કરાવ્યો છે ?
   – હૈદરાબાદ
2. ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના સંયુક્ત સચિવ તરીકે તાજેતરમાં ગુજરાત કેડરના કયા IAS ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અજય ભાદુ
3. નીતિ આયોગ દ્વારા 'Atal Tinkering Lab' સ્થાપવા માટે ગુજરાતની કેટલી સ્કૂલોની પસંદગી કરવામાં આવી છે ?
   – 250
4. જુલાઈ 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદની કઈ સ્કૂલમાં 'અટલ ટિંકરિંગ લેબ'નો પ્રારંભ કરાવ્યો હતો ? – હિરામણિ સ્કૂલ
5. 'પ્રધાનમંત્રી માતૃવંદના યોજના'ની કામગીરીમાં વર્ષ 2018-19માં તથા વર્ષ 2019-20માં જુલાઈ 2019 સુધી ગુજરાતમાં કયો જિલ્લો પ્રથમ ક્રમે છે ? – મહીસાગર જિલ્લો
6. MRSAM મિસાઈલ સિસ્ટમની પૂરક પ્રણાલી માટે તાજેતરમાં ભારતે કયા દેશ સાથે કરાર કર્યા છે ?
   – ઈઝરાયેલ
7. ભારતીય નૌસેના માટે ઈઝરાયેલની કઈ સરકારી કંપની દ્વારા MRSAM મિસાઈલ સિસ્ટમની પૂરક પ્રણાલી (Complementry) ઉપલબ્ધ કરાવવામાં આવશે ? – ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ (IAI)
8. ભારતીય નૌસેના માટે NAVAL MRSAM Systemsની Complementry મેળવવા માટે ભારતે ઈઝરાયેલ સાથે તાજેતરમાં કેટલા મિલિયન ડોલરના કરાર કર્યા છે ? – 50 મિલિયન ડોલર
9. MRSAMનું પૂરું નામ શું છે ? – Medium Range Surface to Air Missile
10. International Cricket Council (ICC) દ્વારા તેના 12 કાયમી સભ્યોમાંથી તાજેતરમાં કયા દેશનું સભ્ય પદ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે ? (અથવા તો કયા દેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?) – ઝિમ્બાબ્વે
11. તાજેતરમાં ભારતના કયા રાજ્યના મુખ્યમંત્રી દ્વારા પોતાના રાજ્યમાં તેનકાસી અને ચેંગલપેટ નામના બે નવા જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી છે ? – તમિલનાડુ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તેનકાસી અને ચેંગલપેટ નામના બે નવા જિલ્લાની રચના બાદ તમિલનાડુમાં કુલ જિલ્લાની સંખ્યા કેટલી થઈ જશે ?
– 35

13. તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં કુપોષણનો ભોગ બનેલા લોકોની સંખ્યા ઘટી રહી છે...જ્યારે મોટાપાનો ભોગ બનેલા લોકોની સંખ્યા વધી રહી છે ?
– Food and Agriculture Organization

14. ભારતના ગંભીર અને અતિગંભીર પ્રદૂષિત વિસ્તારોમાંથી પ્રદૂષણ ફેલાવતી પ્રવૃત્તિઓ રોકવા માટે NGT (National Green Tribunal) દ્વારા Central Polution Control Board (CPCB)ને કેટલો સમય આપવામાં આવ્યો છે? – ત્રણ મહિનાનો

15. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'રાવણ-આર્યવર્ત કા શત્રુ' પુસ્તકના લેખકનું નામ શું છે ? – શ્રી અમીશ ત્રિપાઠી

16. All India Institute of Medical Science (AIIMS) દ્વારા તાજેતરમાં કઈ શિક્ષણ સંસ્થાના સહયોગથી ઉત્તરપ્રદેશમાં 'સ્કિન-બેંક'ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – IIT દિલ્હી

17. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા સપ્ટેમ્બર 2019 સુધીમાં ભારતના તમામ રાજ્યોમાં કયા રોગના ઉન્મૂલન માટે રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવશે ? – રોટાવાઈરસ

18. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં સેન્ટ્રલ યુનિવર્સિટી અને ટ્રાઈબલ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે લોકસભા બાદ હવે ભારતની રાજ્યસભામાં પણ 'સેન્ટ્રલ યુનિવર્સિટી (એમેન્ડમેન્ટ) બિલ, 2019' પસાર કરવામાં આવ્યું છે ?
– આંધ્રપ્રદેશ

19. તાજેતરમાં ભારતના કયા રાજ્યના લૉ કમિશને વધી રહેલી મોબ લિન્ચિંગની ઘટનાઓને રોકવા માટે આજીવન કેદની સજાની ભલામણ કરી છે ? – ઉત્તરપ્રદેશ

20. સમગ્ર વિશ્વમાં 18 જુલાઈના રોજ કયો દિવસ ઉજવાય છે ? – આંતરરાષ્ટ્રીય નેલ્સન મંડેલા દિવસ

21. International Justice Day તથા World Emoji Day તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 17 જુલાઈ

22. ભારત સરકારના માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા ભારતમાં તમામ ટોલ પ્લાઝાને ક્યારથી 'Fast Tags Lens' જાહેર કરવામાં આવ્યા છે ? – 1 ડિસેમ્બર, 2019થી

23. ગુજરાતના જૂનાગઢ ખાતે આવેલી ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – પ્રો. ચેતન ત્રિવેદી

24. ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ (IIF) દ્વારા જુલાઈ 2019 દરમિયાન પ્રસિદ્ધ કરવામાં આવેલ આંકડા અનુસાર ચીનના માથે દેવાનું પ્રમાણ વધીને GDPના કેટલા ટકા થઈ ગયું છે ? – 300 ટકા

25. તાજેતરમાં ભારતમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં સર્વિસ વોટ અથવા તો પોસ્ટલ વોટ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા કઈ ઓનલાઈન સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ? – ETPBS

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**26.** ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી કામગીરીમાં રોકાયેલા સરકારી કર્મચારીઓ માટે તાજેતરમાં ઉપયોગમાં લેવાયેલી વોટિંગની ETPBS સિસ્ટમનું પૂરું નામ શું છે ? **– Electronically Transmitted Postal Ballot System**

**27.** તાજેતરમાં ભારતમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ભારતના કુલ સર્વિસ વોટ અથવા તો પોસ્ટલ વોટમાંથી ETPBS સિસ્ટમ દ્વારા કેટલા ટકા E-Postal વોટિંગ થયું હોવાની ચૂંટણી પંચ દ્વારા માહિતી આપવામાં આવી છે ?

**– 60.14 ટકા**

**28.** ભારતીય રેલવે દ્વારા દેશભરમાં ફેલાયેલી તેની સંપત્તિના રક્ષણ માટે તાજેતરમાં કોની ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? **– નિવૃત્ત સૈનિકોની**

**29.** તાજેતરમાં ખગોળશાસ્ત્રીઓએ અવકાશમાં એવા કયા એક 'અવકાશી પીંડ'ની શોધ કરી છે કે જે એક ઉપગ્રહ છે ?

**– પ્લૂનેટ (Ploonet)**

**30.** આરોગ્યના ક્ષેત્રમાં આદાન-પ્રદાન તથા વૈજ્ઞાનિક માહિતીના સંયુક્ત ઉપયોગ અંગે ભારત અને કયા દેશ વચ્ચેની ઈન્ટર ઈન્સ્ટિટ્યૂશનલ સમજૂતીને તાજેતરમાં કેન્દ્રીય મંત્રી મંડળે મંજૂરી આપી દીધી છે ? **– અમેરિકા**

**31.** WHO તથા UNICEF દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર વર્ષ 2018માં કેટલા બાળકો સુધી જીવન રક્ષક રસી ઉપલબ્ધ થઈ ન હતી ? **– 20 મિલિયન**

**32.** તાજેતરમાં યોજાયેલા લંડન ક્લાયમેટ એક્શન વીકમાં સોયાબિનના સતત ઉત્પાદન માટે કયા દેશે વૈશ્વિક સ્તરે સૌપ્રથમ વખત 'ગ્રીન બોન્ડ' રજૂ કર્યા છે ? **– બ્રાઝિલ**

**33.** 22 જુલાઈ, 2019ના રોજ ભારતીય નૌકાદળમાં કઈ પાંચમી ડોર્નિયર વિમાન સ્કવોડ્રન શામેલ કરવામાં આવી છે ?

**– INAS 313**

**34.** 22 જુલાઈ, 2019ના રોજ ભારતીય નૌકાદળમાં Indian Naval Air Squadron (INAS) 313 નામની પાંચમી ડોર્નિયર વિમાન સ્કવોડ્રન ક્યાંથી શામેલ કરવામાં આવી છે ? **– મીનામ્બક્કમ (તમિલનાડુ)**

**35.** કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક' દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ઉત્તરાખંડમાં NIT (National Institute of Technology)ના નવા સ્થાયી ભવનનું નિર્માણ કયાં થશે ?

**– ઉત્તરાખંડના ગઢવાલ જિલ્લાના સુમાડી ગામમાં**

**36.** ભારત સરકારના સ્ટીલ મંત્રાલયની પહેલ બાદ ભારતમાં કઈ ચૂનાની માઈનિંગ કંપનીમાં ફરીથી ખાણકામ શરૂ થશે? **– BSLC (BISRA Stone Lime Company Ltd.), સુંદરગઢ(ઓડિશા)**

**37.** ગુજરાતના રાજ્યપાલ પદે શપથ લીધા બાદ ગુજરાતના નવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમના કાર્યભારની શરૂઆત ગુજરાતના કયા સ્થળની મુલાકાતથી કરી હતી ? **– ગાંધી આશ્રમ, અમદાવાદ**

**38.** ભારતમાં બાળ લગ્ન અટકાવવા માટે હાલ કયો અધિનિયમ અમલમાં છે ?

**– બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ 2006**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

39. 'બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006' મુજબ લગ્ન માટે છોકરા અને છોકરીની ઓછામાં ઓછી ઉંમર અનુક્રમે કેટલી હોવી જરૂરી છે ? – 21 વર્ષ અને 18 વર્ષ

40. બાળ લગ્ન અટકાવવા માટે કયા હેલ્પલાઈન નંબર પર જાણ કરી શકાય છે ?
– પોલીસ 100, અભયમ્ 181 અને ચાઈલ્ડ હેલ્પ લાઈન નંબર 1098 ઉપર

41. ભારતમાલા યોજના માટે ભારતની કઈ સરકારી કંપની દ્વારા વર્ષ 2024 સુધીમાં રૂ. 1.25 લાખ કરોડની લોન આપવામાં આવશે ? – LIC (Life Insurance Corporation of India)

42. ભારતીય સેનાના વડા શ્રી જનરલ બિપિન રાવતે તાજેતરમાં ભારતના કયા ક્રિકેટરને પ્રાદેશિક સેનાની પેરાશૂટ રેજીમેન્ટમાં બે મહિનાની ટ્રેઈનિંગની મંજૂરી આપી છે ? – શ્રી મહેન્દ્રસિંહ ધોની

43. શ્રી કપિલ દેવ બાદ બીજા ક્રમે ભારતના કયા ક્રિકેટરને વર્ષ 2011માં પ્રાદેશિક સેનામાં માનદ લેફ્ટેનન્ટ કર્નલની રેન્કનું પદ આપવામાં આવ્યું હતું ? – શ્રી મહેન્દ્રસિંહ ધોની

44. તાજેતરમાં IUCN (International Union for Conservation of Nature)ની આફતગ્રસ્ત પ્રજાતિઓના રેડ લિસ્ટમાં 'ગંભીર રીતે સંકટગ્રસ્ત' પ્રજાતિની શ્રેણીમાં રાખવામાં આવેલ 'ગોંડાવણ' (Great Indian Bustard) નામનું પક્ષી ભારતના કયા રાજ્યનું રાજ્ય પક્ષી છે ? – રાજસ્થાન

45. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા તાજેતરમાં કયા બાંગ્લાદેશી લેખકની ભારતમાં રહેવા માટેની 'નિવાસ પરમિટ' એક વર્ષ માટે વધારવામાં આવી છે ? – સુશ્રી તસ્લીમા નસરીન

46. તાજેતરમાં દિલ્હીમાં કયા પૂર્વ મુખ્યમંત્રીનું નિધન થયું છે ? – શ્રીમતી શીલા દિક્ષિત

47. ગુજરાતના નવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કઈ ભાષામાં રાજ્યપાલ પદના શપથ લીધા હતા ? – સંસ્કૃત

48. ગુજરાતનો એક માત્ર એવો જિલ્લો કયો છે કે જેની IITમાં મહિલાઓ વેલ્ડર અને ફિટરની તાલીમ લઈ રહી છે ?
– દાહોદ

49. તાજેતરમાં જુલાઈ 2019 દરમિયાન ભારતના કયા રાજ્યમાં ED (Enforcement Directorate) દ્વારા દરોડા પાડીને લોટરી કિંગના નામથી મશહૂર સૈંટિગો માર્ટિનના લગભગ 61 ફ્લેટ અને 88 પ્લોટ જપ્ત કરવામાં આવ્યા છે?
– તમિલનાડુ

50. તાજેતરમાં 22 જુલાઈ, 2019ના રોજ ભારતના કયા શહેરમાં આવેલી MTNL (મહાનગર ટેલિફોન નિગમ લી.)ની નવ માળની ઈમારતમાં આગ લાગતા ફાયર બ્રિગેડે સૌપ્રથમ વખત આગ બુઝાવવા રોબોટ (અથવા તો રોબોટ વાન)નો ઉપયોગ કર્યો હતો ? – મુંબઈ

51. તાજેતરમાં કયા દેશની યુનિવર્સિટીના એક સંશોધન રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ક્લાઈમેટ ચેંજના કારણે પશુ અને પક્ષીઓનો આકાર સતત નાનો થઈ રહ્યો છે ?
– દક્ષિણ આફ્રિકા (ની યુનિવર્સિટી ઓફ કેપટાઉનના સંશોધન રિપોર્ટમાં)

52. તાજેતરમાં કયા દેશ દ્વારા અમેરિકાની જાસુસી સંસ્થા CIAના 17 જાસૂસ પકડ્યા હતા અને તેમાંથી કેટલાકને ફાંસી આપવામાં આવી હતી એવો દાવો કરવામાં આવ્યો છે ? – ઈરાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

53. શ્રીલંકાના કયા ક્રિકેટરે તાજેતરમાં 26 જુલાઈ, 2019ના રોજ બાંગ્લાદેશ સામે રમાયેલી મેચ બાદ વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે ? – શ્રી લસિથ મલિંગા

54. 22 જુલાઈ 2019ના રોજ ભારતની સૌથી ઝડપી ટ્રેન વંદે ભારત (અથવા ટ્રેન 18)નું કયા બે સ્થળ વચ્ચે સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ? – દિલ્હીથી કટરા

55. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ અનુસાર ‘એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ’ અંતર્ગત ગુજરાતના કયા ઝૂમાંથી એક વર્ષમાં 30 સિંહ બીજા ઝૂને આપવામાં આવશે ? – સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય (જૂનાગઢ)

56. જાપાનમાં કોના નેતૃત્વવાળા ગઠબંધને તાજેતરમાં જાપાનની સંસદના ઉપલા ગૃહની કુલ 245 બેઠકોમાંથી અડધી બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં જીત મેળવી છે ? – શ્રી શિન્જો આબે

57. ભારતમાં પ્રથમવાર ભારતના કયા દળના મહિલા સૈનિકો માટે તાજેતરમાં સૌપ્રથમ વખત બોડી પ્રોટેક્ટર લોન્ચ કરવામાં આવ્યા છે ? – CRPFના મહિલા સૈનિકો માટે

58. જુલાઈ 2019 દરમિયાન સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદ ધ્વંસ કેસની સુનાવણી કરી રહેલા વિશેષ જજને કેટલા મહિનાની અંદર ચુકાદો આપવા જણાવ્યું છે ? – 9 મહિના

59. જુલાઈ 2019 દરમિયાન કયા દેશમાંથી 300 હાથીઓના આશરે નવ ટન હાથીદાંત ઝડપાયા છે ? – સિંગાપોર

60. તાજેતરમાં ગુજરાતમાં જામનગર નજીક કયા ગામના ગ્રામજનો દ્વારા GSFC દ્વારા બનાવાતી દિવાલનો ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે ? – સિક્કા

61. જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરી રોકવાના ભાગરૂપે BSFના કમાન્ડરોને મહિનામાં કેટલી રાત સરહદની પોસ્ટમાં ગુજારવાનો આદેશ આપવામાં આવ્યો છે ? – 25 રાત

62. ફ્લેટ ગ્રાહકોને છેતરનાર નોઈડા અને ગ્રેટર નોઈડાની કઈ રીઅલ એસ્ટેટ ફર્મની મિલકતો વેચવા અને તેનું રજીસ્ટ્રેશન રદ કરવા સુપ્રીમ કોર્ટે તાજેતરમાં આદેશ આપ્યો છે ? – આમ્રપાલી જૂથ

63. 23 જુલાઈ, 2019ના રોજ જાહેર થયેલ ICC ટેસ્ટ રેન્કિંગમાં કયો દેશ પ્રથમ ક્રમે છે ? – ભારત (વન-ડેમાં ઈંગ્લેન્ડ, ટી-20માં પાકિસ્તાન પ્રથમ)

64. 23 જુલાઈ, 2019ના રોજ પ્રસિદ્ધ થયેલા ICC ટેસ્ટ તથા વન-ડે એમ બંને રેન્કિંગમાં ભારતના કયા બેટ્સમેન પ્રથમ ક્રમે છે ? – શ્રી વિરાટ કોહલી

65. 23 જુલાઈ, 2019ના રોજ પ્રસિદ્ધ થયેલા ICC વન-ડે રેન્કિંગમાં ભારતના કયા બોલર પ્રથમ ક્રમે છે ? – શ્રી જસપ્રીત બુમરાહ

66. 1 ઓગસ્ટ, 2019થી અમેરિકાના નોર્થ કેરોલિનાના પાઈનેહર્સ્ટમાં યોજાનારી જુનિયર ગોલ્ફ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં અમદાવાદની માત્ર 9 વર્ષની કઈ ગોલ્ફર ભાગ લેશે ? – પલ શિંગાલા

67. ICC ક્રિકેટ વર્લ્ડ કપની ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ફાઈનલ મેચમાં નિર્ણાયક તબક્કે ઈંગ્લેન્ડને ઓવરથ્રોમાં છ રન આપવાનો વિવાદાસ્પદ નિર્ણય કરનાર શ્રીલંકાના અમ્પાયરનું નામ શું છે ? – શ્રી કુમાર ધર્મસેના

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

68. લોકસભાના ચોમાસુ સત્ર દરમિયાન તાજેતરમાં એક પ્રશ્નના જવાબમાં મળેલી માહિતી અનુસાર ભારતમાં સૌથી વધુ દેવું ધરાવતા રાજ્યોમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

– ઉત્તરપ્રદેશ (ત્યારબાદ બીજા અને ત્રીજા ક્રમે મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળ)

69. તાજેતરમાં લોકસભાના ચોમાસુ સત્ર દરમિયાન એક પ્રશ્નના જવાબમાં મળેલી માહિતી અનુસાર ભારતમાં સૌથી વધુ દેવું ધરાવતા રાજ્યોમાં આશરે રૂ. 2.43 લાખ કરોડના દેવા સાથે ગુજરાત કયા ક્રમે છે ? – છઠ્ઠા

70. તાજેતરમાં કયા દેશોમાંથી સસ્તા ડેરી ઉત્પાદનોની આયાત છૂટ માટેની કેન્દ્ર સરકારની દરખાસ્તનો દેશના ડેરી ઉત્પાદકોએ વિરોધ કર્યો છે ? – ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા

71. જુલાઈ 2019 દરમિયાન જાહેર થયેલા આંકડા અનુસાર કેન્દ્ર સરકારની PM કિસાન સમ્માન નિધિ યોજનાના લાભ માટે પાત્ર ખેડૂતોમાંથી કેટલા ટકા ખેડૂતો તેના લાભથી વંચિત છે ? – 60 ટકા

72. જુલાઈ 2019 દરમિયાન ગુજરાત કેડરના કયા IAS ઓફિસરની જાપાનના ટોકિયો ખાતે આવેલા ભારતના દૂતાવાસમાં આર્થિક અને વાણિજ્ય મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી મોના ખંધાર

73. હેરીટેજ યોજના અંતર્ગત તાજેતરમાં ગુજરાતના કયા યાત્રાધામના મંદિરનું 12 ભાષામાં લખાયેલું કલાત્મક બોર્ડ યાત્રીઓની સુવિધા માટે મૂકવામાં આવ્યું છે ? – દ્વારકા

74. જુલાઈ 2019 દરમિયાન ગુજરાતના કયા મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીમાં ભાજપે 60માંથી 54 બેઠકો મેળવી છે ? – જૂનાગઢ

75. જુલાઈ 2019 દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં ફરજ દરમિયાન શહીદ થનાર વડોદરાના વીર જવાનનું નામ શું છે ?

– શ્રી આરીફ પઠાણ

76. ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના પર્યાવરણ મંત્રાલયનો હવાલો સંભાળતા મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં સૌપ્રથમ કયા બીચને વર્લ્ડ ક્લાસ ડેસ્ટિનેશન બનાવવા માટે 'બ્લ્યુ ફ્લેગ બીચ' તરીકે વિકસાવવામાં આવશે ? – શિવરાજપુર બીચ (દેવભૂમિ દ્વારકા પાસે)

77. ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના પર્યાવરણ મંત્રાલયનો સ્વતંત્ર હવાલો સંભાળતા મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે તાજેતરમાં આપેલી માહિતી અનુસાર ગુજરાતમાં કઈ જગ્યાએ ન્યુટ્રીશન પાર્ક ડેવલપ કરવામાં આવશે ?

– કેવડિયા કોલોની

78. 1971ના યુદ્ધ બાદ થયેલા કયા કરાર અંતર્ગત ભારત અને પાકિસ્તાન તમામ સમસ્યાઓનો ઉકેલ માત્રને માત્ર દ્વીપક્ષીય વાતચીતથી જ લાવવા માટે સહમત થયા હતા ? – સિમલા કરાર, 2 જુલાઈ 1972

79. કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી જી. કિશન રેડ્ડીએ તાજેતરમાં લોકસભામાં આપેલી માહિતી અનુસાર જમ્મુ કાશ્મીરમાં છેલ્લા એક દાયકામાં આતંકી ઘટનાઓમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે ? – 86થી 90 ટકા

80. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેનાર ભારતના સૌથી યુવા સ્વિમરનું નામ શું છે...કે જેની ઉંમર માત્ર 15 વર્ષ છે ?

– શ્રી આર્યન નહેરા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

81. કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા તાજેતરમાં ઉડાન યોજના અંતર્ગત કેટલા નવા માર્ગોને જોડવાની મંજૂરી આપવામાં આવી છે ? – આઠ

82. જુલાઈ 2019 દરમિયાન કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ભારતના કયા રાજ્યમાં 'સંપર્ક પ્રોજેક્ટ' અંતર્ગત ઉઝ અને બસંતર પુલનું ઉદ્‌ઘાટન કર્યું છે ? – જમ્મુ કાશ્મીર

83. કર્ણાટક સંગીતના સર્વોચ્ચ પુરસ્કારોમાંના એક 'સંગીત કલાનિધિ પુરસ્કાર, 2019'થી તાજેતરમાં કોને સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી એસ. સૌમ્યા

84. 'International Atomic Energy Agency'ના વર્તમાન અધ્યક્ષ અથવા તો ડિરેક્ટર જનરલનું જુલાઈ, 2019 દરમિયાન નિધન થયું છે...તેમનું નામ શું છે ? – શ્રી યુકિયા અમાનો (જાપાન)

85. પ્રેસિડેન્ટ્સ કપ બોક્સિંગ સ્પર્ધામાં તાજેતરમાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવનાર ખેલાડીનું નામ શું છે ? – શ્રી શિવા થાપા (આસામ)

86. શ્રી શિવા થાપાએ કેટલા વજન વર્ગની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને પ્રેસિડેન્ટ્સ કપ બોક્સિંગ સ્પર્ધામાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો છે ? – 63 kg

87. 27 જુલાઈથી 3 ઓગસ્ટ, 2019 દરમિયાન હોમલેસ વર્લ્ડ કપ ફૂટબોલ 2019 ટુર્નામેન્ટ કયાં યોજાશે ? – કાર્ડિફ, વેલ્સ

88. તાજેતરમાં નેપાળના કાઠમંડુ ખાતે યોજાયેલી બોડી બિલ્ડિંગ ચેમ્પિયનશિપમાં ભારતના કયા ખેલાડીએ વર્ષ '2019નો મિસ્ટર સાઉથ એશિયા'નો ખિતાબ જીતી લીધો છે ? – શ્રી રવિન્દર કુમાર

89. એશિયાની સૌથી જૂની અને વિશ્વની ત્રીજા નંબરની સૌથી જૂની ફૂટબોલ સ્પર્ધાનું નામ શું છે ? – ડૂરંડ કપ

90. તાજેતરમાં પહેલી વખત દિલ્હીથી બહાર ભારતમાં કઈ જગ્યાએ 2 થી 23 ઓગસ્ટ 2019 દરમિયાન 129મી ડૂરંડ કપ (ફૂટબોલ સ્પર્ધા) 2019નું આયોજન કરવામાં આવશે ? – પશ્ચિમ બંગાળ

91. ડિસેમ્બર 2019 દરમિયાન ભારત અને ચીન વચ્ચે કઈ જગ્યાએ 'હેન્ડ ઈન હેન્ડ' નામનો વાર્ષિક સંયુક્ત સૈન્ય અભ્યાસ યોજાશે ? – મેઘાલય(શિલોંગના ઉમેરાઈમાં)

92. ભારત અને કયા દેશ વચ્ચે 'હેન્ડ ઈન હેન્ડ' સંયુક્ત સૈન્ય અભ્યાસ યોજાય છે ? – ચીન

93. તાજેતરમાં જુલાઈ, 2019 દરમિયાન ભારતમાં કઈ જગ્યાએ પાંચમા ઈન્ટરનેશનલ પોલીસ એક્સ્પો 2019નું આયોજન થયું હતું ? – નવી દિલ્હી

94. તાજેતરમાં જુલાઈ 2019 દરમિયાન ભારતના કયા રાજયના મુખ્યમંત્રીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે ? – કર્ણાટક

95. શ્રી કુમાર સ્વામીના રાજીનામા બાદ કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકે તાજેતરમાં કોણે શપથ લીધા છે ? – શ્રી બી.એસ. યેદીયુરપ્પા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

96. શ્રી બી. એસ. યેદીયુરપ્પા તાજેતરમાં કુલ કેટલામી વખત કર્ણાટકના મુખ્યમંત્રી બન્યા છે ?

– ચોથી વખત

97. જુલાઈ 2019 દરમિયાન ગુટ નિરપેક્ષ આંદોલન (Non aligned Movement)ની મંત્રીસ્તરીય બેઠકનું આયોજન કયાં થયું હતું ?

– કારાકાસ (વેનેઝુએલા)

98. વેનેઝુએલા બાદ ઓકટોબર 2019થી ગુટ નિરપેક્ષ આંદોલનનું અધ્યક્ષ કોણ બનશે ?

– અઝરબૈજાન

99. ભારતમાં ‘રાષ્ટ્રીય પ્રસારણ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

– 23 જુલાઈ

100. ભારતમાં સૌપ્રથમ વખત રેડિયો પ્રસારણ કયારથી શરૂ થયું હતું ?

– 23 જુલાઈ, 1927

101. ભારતમાં 23 જુલાઈ1927ના રોજ ‘ઈન્ડિયન બ્રોડકાસ્ટીંગ’ નામની ખાનગી કંપની દ્વારા ભારતમાં સૌપ્રથમ વખત કયા સ્ટેશનેથી રેડિયો પ્રસારણ શરૂ કરવામાં આવ્યું હતું ?

– બોમ્બે

102. જુલાઈ, 2019માં પ્રસિધ્ધ થયેલા IMFના અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃધ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?

– 7 ટકા

103. જુલાઈ 2019માં પ્રસિધ્ધ થયેલા IMFના અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો આર્થિક વિકાસ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?

– 7.2 ટકા

104. તાજેતરમાં ભારતની કઈ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા વૃધ્ધોની દેખભાળ માટે CARE4U નામની એપ લોન્ચ કરવામાં આવી છે ?

– IIT ખડગપુર

105. ભારતીય સેનાના નાયબ વડા તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

– જનરલ મનોજ મુકુંદ નરવાને

106. ભારત સરકાર દ્વારા વર્ષ 2022 સુધીમાં કેટલા મેગાવોટ રૂફટોપ સોલાર પ્રોજેકટની સ્થાપનાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે ?

– 40,000 મેગાવોટ

107. શ્રી રાજીવ ગૌબાની જગ્યાએ ભારતના નવા ગૃહ સચિવ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે?

– શ્રી અજય કુમાર ભલ્લા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.